**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦, ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| શ્રી ઘનશ્યામભાઈ દેસાઈને અંજલિ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| નિદ્રા તથા યોગનિદ્રા | શ્રી યોગેશ્વરજી | ૧૧ |
| 'પ્રભુની તસ્વીરો પણ ચિન્મય છે' —મા સાર્વેશ્વરી | ડો. ઘનશ્યામભાઈ દેસાઈ | ૧૬ |
| વિદેશની ધરતી પર પૂ. માની યાત્રા | મા સર્વેશ્વરી | ૨૦ |
| કેનોપનિષદ | યોગેશ્વરજી | ૨૩ |
| સત્કર્મોની વિગતો | રાજુભાઈ જાની | ૨૮ |
| સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા | સ્વામી રામદાસ | ૩૧ |
| May they rest in peace | Editor | ૩૫ |
| Youth Speeches | Gargi | ૩૭ |
| દૃષ્ટિની કેળવણી | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૪૧ |
| શબ્દની શક્તિ | કુન્દનિકા કાપડીયા | ૪૯ |
| વ્યથા વિરહની | મા સર્વેશ્વરી | ૫૧ |
| પૂ. માની સંનિધિમાં દિવાળી પર્વના દિવસો | ડો. બી.જે. જાગાણી | ૫૩ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# શ્રી ઘનશ્યામભાઈ દેસાઈને અંજલિ

**–મા સર્વેશ્વરી**

કોને ખબર હતી કે તા.૨૬, જાન્યુઆરીના સત્કર્મનો પ્રસન્નતાભર્યો પ્રસંગ સ્વર્ગારોહણના સર્વપ્રિય, સ્નેહાળ, કર્મનિષ્ઠ મેનેજર શ્રી ઘનશ્યામભાઈ માટે બે કલાકમાં જ આ જીવનની અંતિમ ઘટના બની રહેશે?

કેવું ઉત્તમ મુત્યું! જમ્યા પછી રોજના નિયમ પ્રમાણેની કુટિયાની સો જેટલી પ્રદક્ષિણા કરતાં છાતીમાં દુઃખાવો થતાં, રૂમ પર આવ્યા–થોડી દાક્તરી સારવાર ને પૂ.માનું સાન્નિધ્ય પામ્યા–તેમજ પૂ.મા પ્રભુનું સ્મરણ કરતાં કરતાં આ ભૌતિક શરીરનો પરિત્યાગ કરી, વિદાય થયા!

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે અન્તકાલે ચ મામેવ સ્મરન્ મુકત્વા ક્લેવરમ્ ।

**યઃ પ્રયાતિ સઃ મદ્ભાવમ્ યાતિ નાસ્ત્યત્રે સંશયઃ ।**

'જે માણસ અંતકાળે મને જ સ્મરતો સ્મરતો શરીર છોડીને જાય છે, એ મારા સાક્ષાત સ્વરૂપને પામે છે, એમાં સહેજ પણ સંશય નથી.'

શ્રીઘનશ્યામભાઈનું જીવન જ શરૂથી સંઘર્ષમયતાના કારણે ઉદ્યમ ને કર્મશીલ, એમ.એસસી, પી.એચડી, થયેલા આ માણસમાં પોતાના ભણતરનું કે પદ પ્રતિષ્ઠાનું કોઈ અહં કદી દેખાયું નહીં. નિવૃત્તિ પછીનું એમનું બાર વર્ષ જેટલું જીવન સ્વર્ગારોહણની નિઃસ્વાર્થ–સેવામાં–શ્રીમતી રંજનબેનના સાથ સહકારથી સરસ વિત્યું. ભગવાં વસ્ત્ર સિવાય–ભગવા મનવાળો



આ માણસ સાચે જ એક યોગી હતો. અતિ અલ્પ નિદ્રા, ને આહાર છતાં પણ પોતાના રોજ ૫૦૦ પ્રણામ ને કુટિયાની ૩૦૦ પ્રદક્ષિણા ખૂબ નિષ્ઠાપૂર્વક કરતા. તેથી દસ વર્ષ કરતા વધુ સમય સ્વર્ગારોહણમાં પોતાનું ઘર માનીને રહી શક્યા. પૂ.મા સર્વેશ્વરી ગુણદર્શી છે તા. ૧૧–૧૨–૨૦૦૮ના દિનની પોતાની રોજનીશીમાં શ્રી ઘનશ્યામભાઈ વિષે જે નોંધ કરી છે, તે સાચે જ યથાર્થ છે, તેમજ તે આજના સંદર્ભમાં શ્રેષ્ઠ સ્મરણાંજલિ–શ્રદ્ધાંજલિ બની જાય છે–એનાથી વધુ એક સંતની અંજલિ કરતાં વધુ શ્રેષ્ઠ બીજું શું હોઈ શકે? એટલે તે જ અત્રે રજૂ કરીએ છીએ.

**–તંત્રી**

## પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સ્વર્ગારોહણના મેનેજર સ્વ. શ્રીઘનશ્યામભાઈ દેસાઈને સ્મરણાંજલિ તા. ૧૧–૧૨–૦૮, સ્વર્ગારોહણ

***ઓ ભાઈ મારા,***
***જીવતા દેવને સેવો.***

શ્રી ગુરુભગવંતની એ પંક્તિ નિત્ય પ્રભાતે સ્મરણમાં રમતી રહે છે. એનાં અનેક કારણો છે.

સ્વર્ગારોહણની ધરતીને શ્રી ગુરુભગવંતે પોતાના પાવન સંસ્પર્શથી તીર્થનો મહિના ધર્યો છે.

તો આ તીર્થભૂમિના જીવતા દેવો પણ સ્મરણીય, પ્રેરક અને નોંધપાત્ર છે.

કોઈ પૂછે કે સ્વર્ગારોહણમાં તમે શું શું જોયું ને જવાબમાં કહેવાશે. કુટિયા, યોગતીર્થ, સત્સંગની બધી બેઠકો.

પણ બીજા પણ જોવા જેવા, જાણવા જેવા, જીવતા દેવ જેવા પણ અહીં વસે છે.

મંદિરના દેવ જેમ મૌન જ હોય તેમ તે પણ લગભગ મૌન જ હોય છે. શાંતમૂર્તિ કદી એમને ક્રોધ કરતા કોઈએ જોયા નથી, દિવસના ૧૨ કલાક પણ તેમને કામ કરવામાં ઓછા પડે તેવા સતત સતત કાર્યરત, તેઓ કોઈને કદી ના નડે, ના વિક્ષેપ ધરે, દરેક બેઠકમાં અતિનિયમિત હાજર, કદી કોઈ સંસારી પ્રશ્નોની ચર્ચા એમના મુખે ના હોય, જાણે અર્ધ સંન્યાસી છતાં સૌના સાચા મિત્ર, સહાયક, વિશ્વાસુ સ્વજન જેવા એ હરતા ફરતા દેવ જેવા જ છે તે પણ મળવા જેવા, જોવા જેવા, માણવા જેવા, અનેકની પગદંડી બને તેવા છે.

સૌએ એમને જોયા છે. સૌ એમને મળે છે. મળવું જ પડે છે. પણ દરેકની જોવાની રીત અને શક્તિ અલગ અલગ હોય એટલે માનવમાં રહેલી દિવ્યતા ઝટ નજરે પડતી નથી.

અરે, આ તો દેસાઈકાકા, ઘનશ્યામભાઈની જ મા વાત લખી રહ્યાં છે. એમાં સૌને કાકા કે ભાઈ જ દેખાશે. માને એમાં વિશેષતા દેખાઈ છે. માટે જ એ વ્યક્તિને એની વિશેષતાને વાગોળવા શ્રીહરિની કલમ પણ દોડી રહી છે.

સ્વર્ગારોહણની શોભાસમા શ્રી દેસાઈભાઈ અતિનિયમિત પ્રણામ, પ્રદક્ષિણા કરતા સૌ જુએ છે. સ્વર્ગારોહણને સાચા અર્થમાં સ્વર્ગ જેવું બનાવવા એમના જેવા સર્વપ્રકારે સાધુપુરુષ સમા જે છે તેમને શ્રી હરિએ અહીં પસંદ કરીને પધારવ્યા છે. મૌન રહીને, સર્વ મર્યાદા પાળતા, સર્વ નિયમોને વધાવતા, પ્રામાણિકપણે સર્વ હિસાબી કાર્યને સંભાળતા, આજ સુધી



સંસ્થાની એક પણ પાઈ વેતન તરીકે ના લેનાર, કદી પોતે કોઈ વિશેષ વ્યક્તિ છે એવું સપને પણ ના લાગવા દે, તેવું નમ્ર, સમજુ, શાંત વ્યક્તિ દેવ જેવા નહીં તો કેવા ગણી શકાય! એમનામાં જે જે દૈવી ગુણો છે, શ્રેષ્ઠ આદર્શ માનવ કે શ્રેષ્ઠ ભક્ત કે શ્રેષ્ઠ સાધક તરીકે સાચે જ, સૌના વંદનના અધિકારી છે.

એમનાં ધર્મપત્ની શ્રી રંજનબહેન પણ મૌન રહી સર્વયાત્રીઓની સેવામાં—અરે, મહારાજની ગેરહાજરીમાં ભોજનાલયની સેવા સામેથી ઉપાડી લે. અરે, સાધકબહેનોને જાણે પોતાનાં જ સ્વજન હોય તે રીતે આવકારે, અરે, તેમના થેલા કે હેન્ડબેગ પણ ઉંચકીને મૂકી આપે, દરેક કાર્યમાં હાજર, એકલા બહેનો હોય તો સાચો સંગાથ ધરે, સંગીતમાં રસ લેનાર, ક્યાંયે કદી કોઈને વઢી ના શકે, સૌને એક સરખો પ્રેમ ધરીને, પોતાના આદર્શ પિતા શ્રી હિંમતલાલ પરીખની જેમ સતત સેવા, સેવા ને સેવામાં રત એવાં તેઓ પણ એક વિશેષ વ્યક્તિ જ છે ને.

શ્રી ઘનશ્યામભાઈ શ્રી રંજનબહેન વિનાનું સ્વર્ગારોહણ કેવું સુનું લાગે? સૌને છત્ર ધરનાર હે ભક્ત દંપતિ! તમને તથા તમારા પરિવારને પ્રભુ પૂર્ણછત્ર ધરે, એવી પ્રાર્થના છે. જીવનના અંતિમ શ્વાસ સુધી અહીં જ સેવા કરતાં રહો. સ્વર્ગારોહણ સજાવતા રહો. સંસારને ભૂલી સત્સંગ કરતા રહો. તમારા જીવન સૌની પ્રેરણા બની રહો.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૩ ફેબ્રુઆરી–૨૦૧૧ અંક ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૮૬, કોટયર્કનગર, રાંદેરરોડ, સુરત.**
**તા.૯/૩/૮૨ મંગળવાર**

બન્ને દિવસો દરમ્યાન મુલાકાતના સમયે ખાસ કોઇ નોંધપાત્ર વાતો ન થઇ. જેથી નોંધ ન કરી. દરરોજની જેમ પૂ.શ્રીનો બધો જ ક્રમ રહ્યો. ફીશરની તકલીફને લીધે પૂ.શ્રી દૂધ ઉપર જ રહે છે. જેથી થોડી રાહત લાગે છે.

બન્ને દિવસોમાં નિયમિત પ્રવચન થયું.

**સ્થળઃ–૮૬, કોટયર્કનગર, રાંદેરરોડ, સુરત.**
**તા.૧૧/૩/૮૨ ગુરૂવાર**

સવારે પૂ.શ્રી સ્નાન પહેલાં શેક કરે છે. પછી સ્નાન કરી ધોવાના કપડાં ગડી વાળીને મૂકી દે છે. પછી નિયમિત થતો વ્યાયામ કરી લે છે. પછી ગીતાપાઠ બાદ લેખનકાર્ય કરે છે.



ગઇકાલે બેસીને લેખનકાર્ય કરતાં વેદના થતી હોવાથી પૂ.શ્રી થોડીવાર એક પગ પલંગ પર ને એક પગ નીચે રાખી ઉભા ઉભા થોડીવાર લેખનકાર્ય કરે છે. નિયમિત લેખનકાર્ય કરવાનું એટલે તે ગમે તે સંજોગોમાં પણ તે નિયમ પાળે જ છે.

લેખનકાર્ય બાદ માળા લઇ થોડીવાર આરામ કર્યો. આજકાલ પૂ.શ્રી દૂધ ઉપર જ રહે છે, જેથી ફીશર અંગે થોડી રાહત જણાય છે.

ભોજન સમયે પૂ.શ્રી ફક્ત દૂધ જ લે છે. બાર વાગ્યે જ્યારે પૂ.શ્રી પોતાના ઓરડામાંથી બહાર આવે છે, ત્યારે શ્રી ભટ્ટ સાહેબ પૂ.શ્રી સાથે નંદનવન સોસાયટીના પોતાના ધ્યાનકેન્દ્રમાં પધારવા માટેની વાતો કરે છે. પૂ.શ્રી કહે છે, નિયમ બધા માટે સરખો જ.

ઓરડામાં જ્યારે પૂ.શ્રી આવે છે ત્યારે મુલાકાતીઓ માટેનું મુખ્યદ્વાર બંધ હોય છે. પૂ.શ્રી ગાવા લાગે છે.

**મંગલ મંદિર ખોલો**
**દ્વાર ઉભો શિશુ ભોળો.**

અને દ્વાર ખોલી નાંખવામાં આવે છે. જેથી સૌ ભાઇબહેનો અંદર આવે છે. પૂ.શ્રીને પ્રણામ કરી જગ્યા પર બેસે છે.

એક ભાઇ પૂ.શ્રીને રૂા.૨૧ ભેટ ધરે છે. પૂ.શ્રી તેમાંથી ૧રૂા. લે છે ને કહે છે. ૧રૂા. એ તમારા ૧ કરોડ બરાબર છે. ટૂંકા પગારમાં આટલું બધું ન હોય. આ લઇ લો તે ભાઇ રૂા. ૨૦ની નોટ ફરીથી લઇ લે છે.

પૂ.શ્રીએ કોઇને કશું પૂછવું હોય તો પૂછો એમ કહ્યું જેથી એક નાનકડા ભાઇ પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્નઃ** ધ્યાન કરું છું પણ ધ્યાન પછી મન ખાલી થઇ જાય છે જાણે ગાંડો થઇ જઇશ એવું લાગે છે.

**પૂ.શ્રીઃ** મન ખાલી થતું લાગે તો ભલે થતું. જન્મોજન્મથી ભરેલી કચરાપટ્ટી ભલે ખાલી થઇ જાતી. ને ગાંડપણના વિચારો આવે તો સામે આપણે વિચારવું કે ધ્યાન તો ગાંડપણમાંથી ડહાપણમાં જવાનો માર્ગ છે. મનને સમજાવવું.

**પ્રશ્નઃ** ૐ નમઃ શિવાયની આગળ કંઇ લગાડવાનું?

**પૂ.શ્રીઃ** પંચાક્ષર મંત્ર શાસ્ત્રોક્ત છે. મુંબઇ જવાના ઘણાં માર્ગો લોકો બતાવશે. સૂરતથી સીધા જાઓ, બારડોલી થઇને જાઓ. આ બધાં પ્રયોગો કરવાનું પરવડે તેમ નથી. જે રાજમાર્ગ છે. જે નેશનલ હાઇવે છે. તે જ પકડો. જીવન ટૂંકુ છે. શાસ્ત્રોક્ત મંત્રને જ પકડો.

**પ્રશ્નઃ** પ્રભુની પ્રાપ્તિ માટે કઇ પ્રાર્થના કરવી.

**પૂ.શ્રીઃ** એક જ પ્રાર્થના છે. પ્રભુને કહેવું પ્રભુ મને દર્શન આપો. મારી કોઇ યોગ્યતા નથી. દર્શનની ચાહના છે. તો કૃપા કરજો. પ્રભુ તરફ આપણા હૃદયના ભાવો વહેવડાવાના છે. પછી તે ભાવોનું માધ્યમ ગદ્ય હોય કે પદ્ય કોઇ પણ હોય.

**પ્રશ્નઃ** હું પાર્થના કરવા બેસુ ત્યારે ઘીના દીવામાં જીવાત પડે છે તો તે વિઘ્નને દૂર કરવા શું કરવું?

**પૂ.શ્રીઃ** પ્રાર્થના કરવી. જે જે વિઘ્નો સાધનામાં આવે તે તે વિઘ્નોને દૂર કરવા એક જ રામબાણ ઉપાય છે. એક જ પરમતત્ત્વમાં મન લગાડવું. ભક્તિ કરવી. જેથી વિઘ્નો હળવા થઇ જાય. ભજનનું બળ વધે તેમ અંતરાયો ઓછા થાય.

**પ્રશ્નઃ** પ્રભુપંથે વિકાસ માટે શું કરવું?

**પૂ.શ્રીઃ** નિયમિત સાધનાનું સમયપત્રક બનાવી દો. હવે તો નિવૃત જીવન છે. અને અધ્યાત્મમાર્ગે આગળ વધવાની ભાવના છે તે ઘણું સારું પાસું છે. હવે તેનો સદ્‌ઉપયોગ કરી કાર્યક્રમ ઘડીને કરવા માંડો. દરરોજના ચાર કલાક એની પાછળ કાઢો.



સંસારની અનિત્યતાનો, અસારતાનાં વિચારો કરવા.

***ક્યા ગુમાન કરના રે?***
***મીટ્ટી મેં મીલ જાના***
***મીટ્ટી ખોદ કર મહલ બનાયા***
***ગમાર કહે ઘર મેરા.***

કબીર સાહેબ કહે છે. અનિત્યતાનો વિચાર નિત્યતામાં જવા માટે કરવાનો છે. અનિત્યમાં આસક્ત નહીં થવા માટે ભજન કરો. કોઇને સુખી કરી શકાય તો કરો. ભલું કરો.

એમ કહી પૂ.શ્રી ઇંગ્લેન્ડના સાઉથપોર્ટના સેવાભાવીભાઇ શ્રી મનહરભાઇ રણાતની વાતો કરે છે. અને કહે છે.

પરદેશમાં ૯૫ ટકા બગડી ગયા છે. મા સર્વેશ્વરીને એની જ ચિંતા હતી પણ બધે જ બધી અનુકૂળતા મળી ગઇ. રામાયણમાં વાત આવે છેને રામ વનમાં ગયા તો બધું તૈયાર જ હતું. એ રીતે ૫ ૧/૨ માસ બધે જ સરળતા રહી.

ગમે તે કાળમાં ગમે તે દેશમાં આપણે તો જાગ્રત જ રહેવાનું. પ્રભુનું શરણ જ જાગ્રત રાખે. રક્ષા કરે એટલે કાર્યક્રમ બનાવો.

પ્રશ્નોત્તર પૂરા થતા પૂ.શ્રી એ સર્વેશ્વરીને ડાયરી વાંચવાની સૂચના આપી જેથી સર્વેશ્વરી બે દિવસની નોંધ વાંચી સંભળાવે છે.

સમય થતાં સૌ વિદાય લે છે. પૂ.શ્રી થોડીવાર પ્રભુભાઇ સાથે વાતો કરે છે. પછી આરામ કરે છે.

સાંજે પ્રવચન બાદ ઉતારા પર આવી દૂધ પી લે છે. પછી સર્વેશ્વરીને પૂ.શ્રી ચોપાઇ ને અનુવાદ ૧૧ વાગ્યા સુધી લખાવે છે. પછી આરામ.

(ક્રમશઃ)

# નિદ્રા તથા યોગનિદ્રા

શ્રી યોગેશ્વરજી

**પ્રશ્નઃ** નિદ્રા તથા યોગનિદ્રામાં કાંઇ તફાવત છે ખરો?

**ઉત્તરઃ** ઘણો મોટો તફાવત છે.

**પ્રશ્નઃ** શો તફાવત છે?

**ઉત્તરઃ** નિદ્રાનો અનુભવ તો સામાન્ય રીતે સૌ કોઇને માટે સહજ હોય છે. મનુષ્યો ન નહીં પરંતુ પશુપક્ષીઓ પણ એનો અનુભવ થતો હોય છે. એના વિશે તો નાનામોટા સૌ કોઇ જાણે છે. પરંતુ યોગનિદ્રા જુદી જ વસ્તુ છે. નામજપ કરતાં કે ધ્યાનનો આધાર લેતા કોઇવાર મન સ્થિરતાનો અનુભવ કરીને એકાએક લય પામે છે કે શાંત થાય છે. મનની અંતરંગ સાધના દ્વારા પ્રાપ્ત થતી એવી અદ્ભુત અલૌકિક લયદશાને યોગનિદ્રા કહે છે. એવી યોગનિદ્રાની અવસ્થા સાત્ત્વિક કહેવાય છે.

**પ્રશ્નઃ** એને સમાધિનું નામ આપી શકાય કે ના આપી શકાય?

**ઉત્તરઃ** ના આપી શકાય. સમાધિ જુદી જ, વધારે ઊંડી વસ્તુ છે અને એ તો સમાધિના મંગલમય મહામંદિરના ઉદ્ઘાટનની શરૂઆતની સહજ અવસ્થા હોય છે. એના અનુભવથી આનંદ અનુભવી, ઉત્સાહપૂર્વક આગળ વધવાની સમાધિ મળે છે.

**પ્રશ્નઃ** યોગનિદ્રામાંથી સૌને પસાર થવું પડે છે? સાધક માત્રને?

**ઉત્તરઃ** એને માટેનો કોઇ નિશ્ચિત નિયમ નથી કરી શકતો. છતાં પણ મોટા ભાગના સાધકોને એનો અનુભવ થતો હોય છે એ સાચું છે.



**પ્રશ્નઃ** સમાધિ તથા સાક્ષાત્કાર એક છે?

**ઉત્તરઃ** ના. એ બંને જુદા જુદા છે. સમાધિ સાધન છે અને સાક્ષાત્કાર સાધ્ય. સમાધિનો લાંબા વખતનો અભ્યાસ સ્વરૂપના સાક્ષાત્કારમાં મહત્ત્વની મદદ પહોંચે છે, એ બંનેને એક કેવી રીતે કહી શકાય? બંનેમાં દેખીતો જ તફાવત છે.

**પ્રશ્નઃ** તમે મુમુક્ષુને (ઇચ્છા હોય તો)ગમે તેટલા અંતરાયો છતાં સહાય કરી શકો છો તો તેમાં કઇ રીતે કામે લગાડો છો? શક્ય હોય તો કહેજો.

**ઉત્તરઃ** મારાથી કોઇ મુમુક્ષુને મદદ મળી છે અથવા સહાય કરાઇ છે એવું તમને ખાતરીપૂર્વક લાગે છે ખરું? મને તો નથી લાગતું. મેં એવું કહ્યું પણ નથી. મારામાં બીજાને મદદ કરવાની શક્તિ છે જ ક્યાં? હું મદદ કરનાર છું જ કોણ? જે મદદ મળે છે તે ઈશ્વર તરફથી જ મળતી હોય છે. આપણે તો માત્ર માધ્યમ છીએ. કોઇવાર કોઇને માટે પ્રાર્થના કરું છું તે પણ ઈશ્વરને જ કરું છું. એના પરિણામે જે કોઇ સહાય આવે છે તે પણ ઈશ્વરની જ સહાય આવતી હોય છે. એના ઉપર મારો અધિકાર શા માટે રાખું એ અધિકાર ઈશ્વરનો જ રહે એ બરાબર છે.

**પ્રશ્નઃ** મને તમારી સાથે તમારી સેવામાં છૂટ આપી શકશો?

**ઉત્તરઃ** ના. મારી એવી કોઇ સેવા નથી જેને માટે કોઇને સાથે રહેવાની છૂટ અપાય. તમે તમારી જ સેવા કરો અને તેને માટે હું જેની સતત સંનિધિમાં રહેવાની કોશિશ કરું છું તે પરમાત્માની સાથે લેવાનો પ્રયાસ કરો. જીવનનું સાચું ને સંપૂર્ણ શ્રેય ત્યારે જ સાધી શકાશે. બને તેટલા વધારે ને વધારે નામજપ કરો, વધારે ને વધારે પ્રમાણમાં ધ્યાન ધરો, પ્રાર્થના તથા સત્સંગનો આધાર લો અને આત્મનિરીક્ષણ તેમજ

આત્મવિકાસના માર્ગે આગળ વધો. એમ કરવાથી જીવનની સફળતા કે સંસિદ્ધિ સાંપડી શકાશે.

**પ્રશ્નઃ** છતાં પણ તમારી સંનિધિમાં રહેવાની ઇચ્છા તો થાય છે જ.

**ઉત્તરઃ** પરમાત્માની સંનિધિ જ અધિક ઉપયોગી અને આવકારદાયક થઇ પડશે. એ જ સંનિધિ સદાને માટે ઇચ્છવા જેવી છે. એને લીધે જ સાચું કલ્યાણ કરી શકાશે.

## આત્મજાગૃતિ

**પ્રશ્નઃ** આત્માને જગવવો એટલે શું?

**ઉત્તરઃ** આત્માને જગવવો એટલે આત્માની સુષુપ્ત શક્તિને જાગ્રત કરવી. દુન્યવી વિષયોમાં ડૂબેલાં ને ભાન ભૂલેલા માનવને પોતાના જીવનનું કલ્યાણ શેમાં રહેલું છે તેની ખબર નથી. કોઇ વાર કોઇને ખબર હોય છે તો તે પ્રમાણે ચાલીને જીવનનું કલ્યાણ કરવાની સૂઝ—શક્તિ કે સમજ નથી હોતી. એ માહિતી મેળવીને જીવનનું પરમકલ્યાણ કરી લેવું અથવા કરવાનો પ્રયત્ન કરવો એટલે આત્માને જગવવો. અવિદ્યારૂપી અંધકારનો અંત આણીને અંતઃકરણને આત્મજ્ઞાનના અજવાળાથી અજવાળી દેવું.

**પ્રશ્નઃ** એવી આત્મજાગૃતિ પોતાની મેળે થઇ શકે?

**ઉત્તરઃ** શા માટે ના થઇ શકે? પોતાની મેળે આત્મજાગૃતિ કરનારા કેટલાય સત્યપુરુષો સંસારમાં થઇ ગયા છે.

**પ્રશ્નઃ** છતાં પણ કોઇ પોતાની મેળે આત્મજાગૃતિ ના કરી શકે તો?

**ઉત્તરઃ** શા માટે ના થઇ શકે? પોતાની મેળે આત્મજાગૃતિ કરનારા કેટલાય સત્યપુરુષો સંસારમાં થઇ ગયા છે.



**પ્રશ્નઃ** છતાં પણ કોઇ પોતાની મેળે આત્મજાગૃતિ કરનારા ના કરી શકે તો?

**ઉત્તરઃ** તો તે બીજી બહારની મદદ મેળવીને આગળ વધી શકે છે.

**પ્રશ્નઃ** બહારની મદદ એટલે?

**ઉત્તરઃ** સ્વાધ્યાય, સત્સંગ, તીર્થાટન, દેવદર્શન વગેરે. એ બધાં સાધનો જીવનની શુદ્ધિ સાધીને જીવનને ઉદાત્ત કરવામાં ને ઈશ્વરપરાયણ બનાવવામાં મદદ પહોંચાડે છે. એમનો સાચો લાભ એ જ છે. એમને લીધે આત્માની જાગૃતિ બને છે.

**પ્રશ્નઃ** જેના જીવનમાં આત્મજાગૃતિ થઇ હોય તેનાં લક્ષણો કેવાં હોય છે? એને કેવી રીતે ઓળખી શકાય?

**ઉત્તરઃ** આત્મજાગૃતિવાળા પુરુષનું મન ઊંડી શાંતિથી સંપન્ન, અને વાસના તથા વિકારથી રહિત હોય છે. એ અહંતા, મમતા, આસક્તિ અને રાગદ્વેષથી મુક્ત હોય છે. એના જીવનમાંથી ઊંડી નિર્મળતા ટપકતી હોય છે. એનું આત્માનુસંધાન નિરંતર ચાલુ રહે છે. એને ઓળખવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. ઈશ્વરની પૂર્ણ કૃપા હોય અથવા એવા મહાપુરુષની અનુકંપા હોય તો જ એમનો વાસ્તવિક સ્વરૂપને ઓછાવત્તા પ્રમાણમાં ઓળખી શકાય અને ઓળખીને એમનો આવશ્યક લાભ પણ ઊઠાવી શકાય. મારા પોતાના અંગત અભિપ્રાય પ્રમાણે તો એવા મહાપુરુષના લક્ષણોની ચર્ચા અથવા ચર્ચાવિચારણા કરવાને બદલે એ લક્ષણોને પોતાના જીવનમાં ઉતારવાની કોશિશ રકવી જોઇએ. એવી કોશિશ કરવાથી જ લાભ થશે.

**પ્રશ્નઃ** પ્રત્યેક પુરુષ પોતાના આત્માને જગાડી શકે?

**ઉત્તરઃ** શા માટે ના જગાડી શકે? આત્મજાગૃતિનો માર્ગ સૌ કોઈને માટે ઊઘાડો છે. ફક્ત એને માટેની ઉત્કટ ઈચ્છા કે ભાવના જોઈએ. એવી ઈચ્છા કે શુભભાવનાથી પ્રેરાઈને પ્રામાણિક પુરુષાર્થ કરવામાં આવે તો આત્માને જરૂર જગાડી શકાય ને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ બની જવાય. આત્મજાગૃતિ અથવા આત્મસાક્ષાત્કારના મંગલમય માર્ગે આગળ વધવાની સ્વતંત્રતા સૌ કોઈને છે. એમાં કોઈના પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી.

**પ્રશ્નઃ** આત્મજાગૃતિ સંપૂર્ણપણે સધાય છે ત્યારે શું થાય છે?

**ઉત્તરઃ** પોતાની અંદર અને બહાર રહેલા પરમાત્માતત્ત્વનો સ્વાનુભવ સાધકને માટે સહજ બને છે. એના પરિણામે અવિદ્યાનો અંત આવે છે. અને ભેદભાવનું તેમજ અશાંતિનું શમન થાય છે. લૌકિક પરલૌકિક લાલસાઓ તથા વાસનાઓ પછી સતાવી શકતી નથી.

**પ્રશ્નઃ** આ યુગમાં એવી અસાધારણ અવસ્થાની પ્રાપ્તિ થઈ શકે?

**ઉત્તરઃ** જરૂર થઈ શકે. આત્મવિકાસમાં કોઈપણ યુગ વચ્ચે નથી આવતો. આ યુગમાં પણ આત્મોન્નતિની અસાધારણ અવસ્થા પર પહોંચેલા પુરુષો અનેક થયા છે. તમે પણ ધારો તો એમનામાંના એક થઈ શકો. આ યુગની પોતાની કેટલીક આગવી વિશેષતાઓ છે. તેમનો સમુચિત લાભ ઊઠાવીને બીજાની જેમ તેમ પણ અત્મોન્નતિ જરૂર સાધી શકો.



# ‘પ્રભુની તસ્વીરો પણ ચિન્મય છે’ —મા સર્વેશ્વરી

**(આ લેખ ૧૯૮૫માં શ્રી ઘનશ્યામભાઈએ લખેલો છે)**

**ડૉ. ઘનશ્યામભાઈ દેસાઈ**

પ.પૂ.માશ્રી સર્વેશ્વરી ૧૭ દિવસ ભાવનગર રહ્યાં. આ દિવસો દરમ્યાન તેઓએ શ્રી લાભુભાઈ વ્યાસ સંચાલિત મેગ્નેટ થેરેપીથી સારવાર આપતા કેન્દ્રની મુલાકાત પણ તેઓની વિનંતીથી એક દિવસ સાંજે લીધી. પ.પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ આ સમાજોપયોગી પ્રવૃત્તિમાં રસ લેતા અને ભાવનગર પધારતા ત્યારે આ કેન્દ્રની મુલાકાત શ્રી લાભુભાઈ વ્યાસની વિનંતીથી લેતા.

આ કેન્દ્રમાં સારવાર લેતા દર્દીઓ અને બીજા સાધક ભાઈઓને પૂ.માએ એક સરસ વાત કહી. વાતનો પ્રસંગ એ રીતે ઊભો થયો કે શ્રી લાભુભાઈ કેન્દ્રમાં આવનાર સહુ કોઈ દર્દીને મા ગાયાત્રીના ફોટા પાસે લઈ જઈ પ્રાર્થના કરાવે ને પછી જ સારવાર શરૂ કરે છે.

પૂ.માએ કહેલી વાત આ પ્રમાણે હતી.

પ.પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીએ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં એક રહેઠાણ ને સત્સંગ માટેની જગા લીધી. આ સ્થાનનું નામ તેઓએ ‘સત્યપથ’ આપ્યું છે.

એકવાર અમે આ રહેઠાણમાં જુદા જુદા મહાપુરુષો અને દેવ—દેવીઓના ફોટા પસંદ કરી ગોઠવી રહ્યાં હતાં. એમાં પૂ.શ્રીરામકૃષ્ણદેવનો ફોટો પૂ.શ્રીની બેઠક સામે ઊંચે દિવાલ

ઉપર રાખવા અમે સૂચન કર્યું અને કહ્યુંઃ આ ફોટો સામે રહે તો આપણે સહજ રીતે એને જોતાં રહીએ.

પૂ.મહાત્માજીએ અમારા એ વાક્યને તરત જ સુધારતાં કહ્યુંઃ "શા માટે આપણે જ એમને જોતા રહીએ! ખરું જોતાં તો તેઓ પણ આપણને જોતા રહે. એઓ પણ જુએ કે આપણે અહીં આપણો સમય પ્રભુ ભજન સિવાય બીજી કોઇ રીતે વિતાવતા નથી."

"તો શું મહાત્માજી, આ ફોટા આપણને ખરેખર જોતા હશે?"

"એ અવશ્ય આપણને જુએ છે. એની જાણ આપણામાં શ્રદ્ધા—ભક્તિ ને પ્રેમ હોય તો થાય." પૂ.મહાત્માજીએ જવાબ આપ્યો.

એ પછી થોડા મહિનાઓમાં જ પૂ.શ્રીનું શરીર શાંત થઇ ગયું અને અમારે એકલાને સત્યપથમાં રહેવાનું થયું. તે વખતે એક બહેન અમારી સાથે રહેતાં.

એક દિવસ સવારે અમને વિચાર આવ્યો કે પૂ.શ્રી કહેતા કે આ ફ્લેટમાં આપણે એકલા નથી. આ બધા મહાપુરૂષો જે તસ્વીરરૂપે છે, તેઓ પણ આપણી સાથે જ છે. અમને થયું કે શું ખરેખર આ બધાં ફોટા ચિન્મય હશે! જીવંત હશે! શું આપણને એની અનુભૂતિ થાય ખરી?

અને થોડી જ મિનિટોમાં એક વિચિત્ર ઘટના બની. અમે બેઠાં હતાં એની સામે મા સરસ્વતીની એક સુંદર મોટી મઢેલી તસ્વીર હતી. અમારી આંખ ખુલ્લી હતી અને સહજ રીતે અમારી દૃષ્ટિ એ તસ્વીર પર જપ કરતાં કરતાં મંડાયેલી ને કાનમાં પહેરેલાં કુંડળ એકદમ હાલવા માંડ્યા! વળી તેની



પાસેના વાળની લટો પણ પવનથી હાલી ને ઉડતી દેખાઇ! અમે અમારી આંખ ચોળી જોઇ. અમે તદ્દન જાગ્રત જ હતાં. આંખો બિલકુલ ઉઘાડી હતી. સમય સવારના લગભગ દશનો હતો. ભ્રાંતિ કે સ્વપ્નને અવકાશ ન હતો. કુંડળ હાલતાં હાલતાં ઝળહળી રહ્યાં હતાં. વાળની લટો પણ ઊડી રહી હતી. દૃશ્ય એત રીતે દેખાઇ રહ્યું હતું. અમારી સાથે રહેતાં બેનને મેં બોલાવ્યાં. તેમને આ ફોટો જોવા કહ્યું. પરંતુ તેમને કંઇ દેખાયું નહીં. પરંતુ મને તે ખાસ્સા સમય સુધી દેખાતું રહ્યું. અમે મા સરસ્વતીને ખૂબ પ્રેમપૂર્વક વંદન કર્યું.

પ્રભુએ અમને પ્રતીતિ કરાવી કે આ ફોટા એ માત્ર કાગળના કે કાચના ટૂકડા નથી. એ જીવંત પ્રતીકો છે. તમારામાં ભાવના ને પ્રેમ હોય, તો અમની જીવંતતાની પ્રતીતિ તમોને આજે પણ થઇ શકે છે. પરંતુ બધાં આ નથી કરી શકતાં. લાખ્ખો કરોડોમાં કોઇ બડભાગી જીવજ આવી અનુભૂતિ, પ્રભુકૃપાથી પામી શકે છે.

આમ કહી પૂ.માએ સહુ દર્દીઓને મા ગાયત્રીની તસ્વીરને તે જીવંત છે, પ્રત્યક્ષ છે એમ સમજીને પ્રાર્થના કરવા કહ્યું.

આના અનુસંધાનમાં શ્રી લાભુભાઇ વ્યાસે જણાવ્યું કે મા ગાયત્રી અમારાં ઈષ્ટ છે. અમે એને પ્રભુની પરમ શક્તિ જ સમજીએ છીએ. એમ સમજીને દીન—દુઃખી લોકો પર કૃપા કરવા કારુણ્યભાવે અમે પ્રાર્થના કરીએ છીએ અમને એ તસ્વીરમાં જીવંતતાના કેટલીકવાર અનુભવ થયા છે. એટલે જ અમારી આ શ્રદ્ધા અનુભવના આધાર ઉપર મંડાયેલી હોય, અમારો વિશ્વાસ દૃઢ બન્યો છે અને દરેકને એ માનું શરણ લેવા સૂચવીએ છીએ. એને મન કોઇ જાતિ કે ઊંચ—નીચના ભેદ નથી.

શ્રી લાભુભઆઈ આ કેન્દ્રમાં મેગ્નેટ અને પ્રેસર થેરેપી અને ક્રોમોપથીનો સમન્વય કરી વિના મૂલ્યે સારવાર આપે છે. હજારો રૂપિયાના મેગ્નેટ તેઓએ વસાવ્યાં છે. પોલિયો, લકવો, સંધિવા તેમજ બીજા કેટલાય અસાધ્ય રોગોનો ઉપચાર કેવળ સેવાભાવથી તેઓ કરી રહ્યા છે. એમના આ સેવાયજ્ઞમાં કોલેજના યુવાન વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ રસપૂર્વક મદદ કરે છે. યુવાનોની શક્તિને તેઓએ ખેરખર વિધેયાત્મક ક્ષેત્રમાં વાળી છે.

શ્રી લાભુભાઇ ખરેખર એક નિસ્પૃહી, સેવામૂર્તિ, ગૃહસ્થી સંત જેવા છે. એમનું રહેઠાણ શારીરિક વ્યાધિઓથી પીડાતા જનો માટે વિસમો છે. સંપત્તિનો કેવો સરસ ઉપયોગ?

શરીરની શુદ્ધિ જરૂરી છે, કિંતુ તેના કરતાં પણ મનની શુદ્ધિ કે પવિત્રતા પ્રભુના પંથે જવામાં વધુ આવશ્યક મનાઇ છે. **–યોગેશ્વરજી**


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

**–મા સર્વેશ્વરી**

**૨૪–૭–૦૮ બડેક થી સારલો ટાઉન**

દરેક વિશ્રામ રાતે બેગ બીસ્તરનો વિસ્તાર અને દરેક પ્રભાતે પાછો બેગ બીસ્તર ને સંકેલી લેવાના. યાત્રા રોજ રોજ જગાડે છે.

આજે એ જ ક્રમ રહ્યો. હવે એક દિવસમાં યાત્રા પૂર્ણ થશે. જેની તૈયારી સૌ અંદર અંદર ચર્ચા કરીને કરી રહ્યાં છે.

સૌ બસમાં બેઠાં છે. મા પ્રસાદ આપે છે. ભાઇ રાજુ પોયણુંમાંથી ત્રણ વાત સમજાવે છે.

(૧) બાળપણમાં મા દરરોજ માતાપિતા વડીલોને નમસ્તે કરતાં

(૨) બાળપણમાં માને દરરોજ પિતાજી પ્રાર્થના કરાવતા.

(૩) બાળપણમાં માને દરરોજ પિતાજી પ્રેમથી ઉઠાડતા.

આ બધી જ વાત અંગ્રેજીમાં ભાઇ રાજુ સૌને સમજાવી શક્યો છે. બાળ વાર્તામાં બાળકોને રસ પડ્યો છે. વળી હુતુતુતુ કે ધૂન ગવડાવીને પણ સૌને નિર્દોષ સાત્ત્વિક આનંદ સાથે શિક્ષણ આપવામાં ભાઇ રાજુ સફળ થયો છે.

શ્રી જગુભાઇ પણ માની આ નિત્યનોંધની ગઇસાંજની નોંધ ઉપર થોડી વાતો કરે છે.

વળી શ્રી નિર્મલ પણ શ્રીહરિને ફોનનો આખો પ્રસંગ ગઇ યાત્રામાં બન્યો તે વિગતે કહી સંભળાવે છે.

આ યાત્રામાં અર્જુન, ધ્રુવ, જનક, હિતેશ વાજિંત્રો વગાડવા

જ જાણે શ્રી હરિએ પસંદ કર્યા છે. તબલાને મંજીરાના સુમધુર સંગીત સાથે બસ જાણે સામે જ હરતુ ફરતુ મંદિર બની ગઇ છે. સંકીર્તનથી મંદિર જેવું જીવંત વાતાવરણ સર્જવામાં એ બાળમંડળી સાચે જ ઉત્તમ સહયોગ ધરી યાત્રાને સફળ બનાવવા મથી રહી છે.

તો વળી બેનરંજન ફોન કરીને ટોરંટોથી બાળકોને ભાવે તેવા પદાર્થો ઘરના બનાવેલા મંગાવી રહી છે. સૌ બાળકોની સેવામાં તત્પર છે.

આ યાત્રામાં વડીલોની સેવા લેનારાં બાળકો પોતે મોટા થતાં પોતાના માતાપિતાની સેવા કરે, સંભાળ લે એવી તો અપેક્ષા રાખી જ શકાય ને?

આ યાત્રા શિક્ષણનું સર્વોત્તમ સાધન બની જાય. યાત્રામાં રોપાયેલ આ ધર્મ બીજ કાળક્રમે વટવૃક્ષ થઇને છાય ધરે.

યાત્રા પાછળ બાળકોનું ઘડતર થયું છે એવું એકાદ તો નોંધશે? નોંધીને તે જાગશે. જાગશે પછી અનેકને જગાડશે.

મા જ્યાં જાય ત્યાં ત્યાં શ્રીહરિ કહે છે એ રીતે જગાડતા રહે છે. જાતને અને બીજા અનેકને યુવાનોના મિત્ર બની પડખે રહેવાના પ્રયત્ન કરે છે, સંનિધિ સુખ, શિક્ષણ, ધર્મના પાઠ, શિસ્તના પાઠ પણ સહજ રીતે શીખવાતાં રહે છે.

શ્રી હરિએ એ રીતે માની નિમણૂક કરી છે તો મા એ રીતે શ્રી હરિને કામ પણ આપે જ છે.

યાત્રામાં માર્ગમાં ઘણી જગ્યાએ મૃત્યુના વિશ્રામ સ્થળો પણ જોવા મળે છે. હજારોના નાનાં નાનાં સ્મારકો જોવા મળે, તે તે સ્મારકો સાથે એક એક ક્રોસ પણ એ સ્મશાનમાં જોવા મળ્યા છે. દરેક ધર્મમાં પ્રભુની કૃપા કે પ્રભુના આશીર્વાદ જરૂરી મનાયા



છે. દરેક સ્મારક ઉપર જાણે શ્રીહરિની હાજરી. ભગવાન ઈશુનો સહારો, ટેકો, તે સર્વ સમર્થની છાયા જાણે આ મરણ શરણ થયેલા સૌ તથા જે જે જીવે છે તે તે સ્વજનો પણ ઈચ્છી રહ્યાં છે. તો જ દરેક સ્વજનોના સ્મારક ઉપર સફેદ રંગના ક્રોસ મૂકાય છે ને!

અનેક ક્રોસ જોતાં લાગે કે આ કોઇ આધુનિક ચર્ચ હશે, જ્યાં આટલા બધા ઈશુ ભગવાનને પ્રતિષ્ઠિત કર્યા હશે. જાણે ઈશુના પ્રતિકનું વિશ્વરૂપદર્શન જોતાં જ માને એ દશ્ય ગમ્યું. હરિનો સતત સનાતન સંગાથ.

જાણે મરણ પછી સુતેલાને શ્રીહરિ એક એક રૂપ ધરી ક્રોસમાં સંતાઇને તેડવા આવ્યા છે. ઉચકવા આવ્યા છે.

આજે બીજા ટાપુ ઉપર જવા એક મોટી સ્ટીમર(ફેરી)માં સૌ બેઠા છે. મા પણ સૌ સાથે ઉપર ગયાં છે, પણ પૂરો એક કલાક મા નોંધ લખે છે.

તે પછી બાળકો માટે દરિયા કિનારે જ વિશ્રામ સ્થળ શોધાયું છે. અહીં સૌ ખીચડીનું ભોજન લે છે. રમે છે. અંતે મા સાથે સૌ સમુદ્રમાં તસ્વીરો લેવડાવે છે.

ગઇકાલના ૧૧ પ્રણામ બધા યાત્રીઓ આજે સમંદરદેવની સામે ઊભા રહી મા સાથે કરે છે. જાણે યાત્રાનો આભાર માનવા પ્રકૃતિનાં સર્વતત્ત્વો અને પરમાત્માને પ્રણામ થયા છે. હે મારા પ્રભુ પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

# કેનોપનિષદ

યોગેશ્વરજી

## સ્વાનુભવની સમજ

પોતાના સ્વાનુભવને સરળ રીતે સમજાવતાં ઋષિ કહે છે કે વાણી તે પરમતત્ત્વનું વર્ણન કરી શકતી નથી, પરંતુ તે તત્ત્વની પાસેથી તાકાત મેળવીને વાણી બોલવાનું કામ કરી શકે છે. મન તે પરમતત્ત્વનો યથાર્થ વિચાર કરવાની શક્તિ નથી ધરાવતું, પરંતુ તે પરમાત્મતત્ત્વની પ્રેરણા પામીને મન પોતે ચિંતન ને મનન કરવાનું કામ કરી શકે છે. આંખ તે પરમતત્ત્વને સહેલાઇથી જોઇ શકતી નથી કેમકે તે તત્ત્વ અત્યંત સૂક્ષ્મ ને વળી વિરાટ છે; પરંતુ તેની શક્તિથી આંખ જોવાનું કામ કરી શકે છે. તે પરમાત્માની જ ઉપાસના કરવા જેવી છે. તે તત્ત્વનું અસ્તિત્વ શરીરમાં હોય છે ત્યાં સુધી જ કાન સાંભળી શકે છે ને પ્રાણ હલનચલન કરે છે. શરીરમાંથી તે બહાર નીકળે તો આખું શરીર નિર્જીવ ને નિષ્ક્રિય બની જાય છે. એ તત્ત્વનો પ્રભાવ એટલો બધો પ્રબળ છે.

## નમ્રતા

પરમાત્માનો અનુભવ આ સંસારમાં કોને નથી થતો? જે કાંઇ દેખાય છે, સંભળાય છે, સૂંઘાય છે તે બધું પરમાત્માનું જ રૂપ છે. પરમાત્મા પોતે જ સંસારના રૂપમાં મૂર્ત કે પ્રકટ થઇને બધે વ્યાપી રહ્યા છે. એટલે કોઇ એમ કહે કે તે પરમાત્માને હું જરા પણ નથી જાણતો ને તે કેવા છે તેની મને બિલકુલ ખબર નથી તો તેનું તેમ કહેવું બરાબર નથી. માણસ જાણે કે ન જાણે છતાં પરમાત્મા તેની અંદર, બહાર ને આજુબાજુ બધે જ વ્યાપી



રહ્યા છે. તે પરમાત્માનો સાક્ષાત્કાર તે એક યા બીજી રીતે, વધારે યા ઓછા પ્રમાણમાં કરે જ છે. તેની સાથેસાથે કોઇ એમ કહે કે પરમાત્માને મેં પરિપૂર્ણ રૂપે જોઇ કે જાણી લીધા છે, તો તેની વાત પણ બરાબર નથી કેમ કે પરમાત્મા અત્યંત વિરાટ કે ગહન હોવાથી તેમને સંપૂર્ણપણે જાણવાનો દાવો કરવો અજ્ઞાન ને અભિમાનનું પ્રદર્શન કરવા બરાબર છે. એટલે સાચા સંતો ને મહાપુરુષો પોતાની નમ્રતાને પ્રકટ કરવા સરળ શબ્દોમાં ન્યૂટનના પેલા પ્રસિદ્ધ શબ્દોના ભાવમાં કહે છે કે તે પરમાત્માને અમે પણ સાધારણરૂપે જાણીએ છીએ ને અમારા પર પણ તેમની થોડીઘણી કૃપા છે. પરમાત્માના સ્વાનુભવનો સાગર તો ઘણો વિશાળ છે. તેને કિનારે બેસીને અનુભવતાં સાધારણ છીપલાં સાથે રમત રમનાર અમે તો નાનાં બાળકો છીએ. તેમને આપણે કહીએ કે તેમે તો ઘણા મહાન છો ને ઈશ્વરદર્શી સંત છો, તો તે આપણને તરત જ ઉત્તર આપે છે કે ના, ભાઇ, તમે ભૂલો છો. અમે કોઇ મહાન સંત નથી. અમારામાં તેવી કોઇ વિશેષતા નથી. પરમાત્માને જાણવાનો માનવજીવનનો સહજ ધર્મ જ અમે તો બજાવી રહ્યા છીએ. તેમાં અમે એવું ક્યું મોટું પરાક્રમ કરી રહ્યા છીએ કે અમારાં ગુણગાન ગવાય? અમારામાં તમને તે છતાંક કોઇ વિશેષતા લાગતી હોય તો તે તમારી કૃપા છે.

મહાપુરુષોનો સ્વભાવ એવો સરળ ને નિખાલસ હોય છે. તેમનામાં કોઇ જાતનો દંભ કે આડંબર નથી હોતો. કેટલીક વાર એવું બને છે કે સાધનાના માર્ગમાં માણસને નાનામોટા અનુભવો થાય છે. તેથી માણસ મિથ્યાભિમાની બની જાય છે. કોઇ વાર સ્વાનુભવ વિનાનું કોરું જ્ઞાન હોય તેથી પણ તે ઘમંડી થઇ જાય

છે. એવા માણસોનો આગળનો વિકાસ અટકી જાય છે. અભિમાન માણસનો નાશ કરનારું થઇ પડે છે. તેનો સદંતર ત્યાગ કરવો જોઇએ. એવા મિથ્યાભિમાની સાધકો પોતાનાં જ ગુણગાન ગાયા કરે છે, પોતાને હોય તેથી વધારે મોટા માની બેસી છે, ને પરિણામે અનુભવ ને સાચી મહાનતાથી હાથ ધોઇ બેસે છે.

મિથ્યાભિમાની એવી જ એક વાત પરંતુ જરા જુદે સ્વરૂપે, આ ઉપનિષદમાં કહેવામાં આવી છે.

**યક્ષની વાત**

કહે છે કે એક વાર દેવતા ને અસુરોનું યુદ્ધ થયું. પરમાત્માની કૃપાથી તેમાં દેવોનો વિજય થયો પરંતુ દેવોને તેનું અભિમાન થયું, ને તે એમ જ સમજ્યા કે આ વિજય અમારા જ પુરુષો ને પરાક્રમથી પ્રાપ્ત થયો છે. પરમાત્માને થયું કે દેવોનું અભિમાન અત્યંત વધી ગયું છે. તેથી તેને દૂર કરવાનો તેમણે વિચાર કર્યો ને તેમની સાથે તે યક્ષના વિચિત્ર રૂપમાં પ્રકટ થયાં.

દેવોએ યક્ષનું વિચિત્ર રૂપ જોઇને વિચાર કર્યો કે આ શું હશે! તેમણે યક્ષની માહિતી મેળવવા માટે અગ્નિદેવને આજ્ઞા કરી તેથી અગ્નિદેવ તેની પાસે જઇ પહોંચ્યા.

યક્ષરૂપી પરમાત્માએ અગ્નિને પૂછ્યું : 'તમે કોણ છો?'

અગ્નિએ તરત જ ઉત્તર આપ્યો : 'મારું નામ અગ્નિ છે. હું સર્વ પ્રાણીઓને જાણનારો છું.'

પરમાત્માએ પૂછ્યું : 'તમારામાં શી શક્તિ છે?'

અગ્નિએ કહ્યું : 'પૃથ્વી પર જેટલી પણ વસ્તુઓ છે તેને બાળી નાંખવાની મારામાં શક્તિ છે.'



એ સાંભળી પરમાત્માએ તેની સાથે એક તણખલું ધર્યું ને કહ્યું : 'તમારી શક્તિ હોય તો આ તણખલાને બાળી નાખો જોઇએ.'

અગ્નિદેવે બને તેટલો બધો પ્રયાસ કરી જોયો પરંતુ તે તણખલાને બાળી ન શક્યા. તેથી હતાશ થઇને પાછા ફર્યા. તેમણે દેવોને કહ્યું કે યક્ષ ખરેખર કોણ છે તેની મને ખબર ન પડી.

પછી વાયુદેવ તે યક્ષની પાસે જઇ પહોંચ્યાં, ને પોતાનો પરિચય આપતાં કહેવા લાગ્યાં કે હું વાયુ છું. બધે ફરી વળું છું ને માતરિશ્વા તરીકે ઓળખાઉં છું.

પરમાત્માએ પુછ્યું : 'તમારી અંદર શી શક્તિ છે?'

'પૃથ્વી પર જેટલા પદાર્થો છે તેમને ઉડાવી દેવાની.' વાયુદેવે અભિમાનમાં ઉન્મત્ત બનીને તરત ઉત્તર આપ્યો.

પછી તો યક્ષે તેમની સામે પણ તણખલું મૂક્યું ને કહ્યું : તમારામાં તાકાત હોય તો આ તણખલાને ઉડાવી દો.

વાયુએ બને તેટલો બધો પ્રયાસ કરી જોયો પરંતુ તે તણખલું હાલ્યું નહીં. દેવતાઓની પાસે પાછા આવીને તેમણે કહ્યું કે યક્ષના વાસ્તવિક સ્વરૂપને મારાથી ઓળખી શકાયું નથી.

બંને દેવો એ રીતે નિષ્ફળ ગયા એટલે ઈન્દ્ર પોતે તૈયાર થયા. પરંતુ ઈન્દ્રને તો યક્ષે મુલાકાત પણ ન આપી. ઈન્દ્રને જોતાંવેંત જ પરમાત્મા અદશ્ય થઇ ગયા. તેમને સ્થાને ઈન્દ્રને એક અત્યંત સુંદર સ્ત્રી દેખાઈ. તે હિમાલયની પુત્રી ઉમા હતી. ઈન્દ્રે તેને યક્ષના સંબંધમાં પ્રશ્ન કર્યો તો તેણે ખુલાસો કર્યો કે તે

પરમાત્મા પોતે હતા. તેમને લીધે જ તમારો વિજય થયો છે ને તમને મહત્તા મળી છે. પછી ઈન્દ્રે નમ્ર ને સંતોષી થઈને વિદાય લીધી. ત્યારથી ઈન્દ્ર બધા દેવોમાં શ્રેષ્ઠ મનાયા.

પરમાત્માની કૃપાથી જ સાધક પોતના સ્વભાવનાં આસુરી તત્ત્વો પર વિજય મેળવે છે. પરંતુ કટેલીક વાર તેવો વિજય પોતે મેળવ્યો એવો અહંકાર તેને ઉત્પન્ન થયો છે, પરંતુ ઈશ્વરની કૃપા વિના માણસ આ સંસારમાં એક તણખલાને પણ આઘુંપાછું કરી શકતો નથી. સદ્‌બુદ્ધિની મદદથી એ પ્રમાણે સમજીને તેણે સદાય નમ્ર ને પ્રભુપરાયણ થઈને રહેવાની જરૂર છે. આ કથાભાગનો સાર આ રીતે સમજી શકાય.

**લાભ ને હાનિ**

જીવન ઘણું ટૂંકું છે. તે પણ તદ્દન ચંચળ છે. પાણીના પ્રવાહની પેઠે તે તરત વહી જાય છે. આવા જીવનમાં શ્રેયની સાધના કરવાની કે પરમાત્માની કૃપા મેળવવાની જેને કામના હોય તેણે પ્રમાદનો ત્યાગ કરી સતત પુરુષાર્થના પ્રેમી થવાની જરૂર છે. અંતરમાં ઉત્સાહ ને મનમાં નિશ્ચય તો એવો જ હોવો જોઈએ કે આ જ જન્મમાં ને આ જ લોકમાં પરમ કૃપાળુ પરમાત્માને પામી લઈએ. આ જીવનમાં જેણે પરમાત્માની પ્રાપ્તિ કરી તેણે મોટામાં મોટી સંપત્તિ મેળવી લીધી નહીં તો મોટામાં મોટું નુકશાન થયું, સર્વનાશ થઈ ગયો એમ સમજી લેવું. ઉપનિષદના એવા અર્થના વચનને યાદ કરીને આ વિચારણા હવે પૂરી કરીશું.

**इह चेदवेदीदथ सत्यमस्ति**
**न चेदिहावेदीन्महती विनष्टिः ।**



## સ્વર્ગારોહણ, અંબાજી ખાતેના
# સત્કર્મોની વિગતો

રાજુભાઈ જાની

| તારીખ | આર્થિક સહયોગ ધરનાર | સત્કર્મનો પ્રકાર |
|---|---|---|
| ૧૭.૦૧.૨૦૧૧ | હિરાલીબેન મહેશભાઈ પનામા<br>કાંતાબેન ભોજાણી અમદાવાદ | વસ્ત્ર સહાય |
| ૧૮.૦૧.૨૦૧૧ | વિકાસભાઈ શાહ કેનેડા<br>દમયંતીબેન લાડ કેનેડા | અનાજ સહાય |
| ૧૯.૦૧.૨૦૧૧ | ભાવનાબેન વિજયભાઈ ભાવસાર યુ.એસ.એ.(વડોદરા)<br>કરશનભાઈ ભક્ત શામપૂરા | વસ્ત્ર સહાય |
| ૨૫.૦૧.૨૦૧૧ થી ૨૭.૦૧.૨૦૧૧ | પદ્માબહેન વાસુદેવભાઈ<br>હંસાબેન અંબુભાઈ<br>રૂક્ષ્મણીબહેન પ્રભુદાસભાઈ | નેત્રયજ્ઞ—૧૨૯ આંખના મોતીયાનાં ઓપરેશન |
| ૨૬.૦૧.૨૦૧૧ | મીતાબહેન હિતેશભાઈ લાડ—કેનેડા | અનાજ સહાય |
| ૨૭.૦૧.૨૦૧૧ | નીલાબહેન દીપકભાઈ શાહ—કેનેડા | અનાજ સહાય |

| | | |
|---|---|---|
| ૨૮.૦૧.૨૦૧૧ | તેજસ–રૂચિત રાજકોટ | વસ્ત્ર સહાય |
| ૨૯.૦૧.૨૦૧૧ | પ્રભાબેન પટેલ સુરત | વસ્ત્ર સહાય |
| ૩૦.૦૧.૨૦૧૧ | યુવા બહેનો | શાકભાજી, બિયારણ ખાતર, ૧૦૦ ખેત મજૂરોને જમીન ધારકોને |
| ૩૧.૦૧.૨૦૧૧ | કલાવતી બહેન | વસ્ત્ર સહાય |
| ૦૧.૦૨.૨૦૧૧ | મગનભાઇ કોનટ્રાક્ટર પરિવાર | વસ્ત્ર સહાય |
| ૦૨.૦૨.૨૦૧૧ | જે.કે.માવાળા, જીવણભાઇ ઉકાણી ચંદ્રકાન્ત પંડ્યા, વલ્લભભાઇ જાવિયા રાજકોટ | શાકભાજી બિયારણ ખાતર, ૧૦૦ જમીન ધારક ખેતમજૂરો |
| ૦૩.૦૨.૨૦૧૧ | પેન્શન મેળવતા ભક્તો | અનાજ સહાય |

આ સત્કર્મોમાં છ જેટલાં વસ્ત્ર સહાયના સત્કર્મના લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧૦૦ જેટલી ને અનાજ સહાયના લાભાર્થી પરિવારની સંખ્યા ૪૫૦ થઇ. ઉપરાંત જે આદિવાસી પરિવારો પાસે થોડી પણ જમીન છે, તેવા ૨૦૦ ખેડૂત ભાઇ બહેનોને શાકભાજી માટેનાં સરસ બીયારણ અને ખાતરની કોથળીઓ પણ આપવામાં આવી.



૨૧૯ જેટલા ભાઇબહેનોને મોતીયાનાં ઓપરેશન કરવામાં આવ્યાં, ને સફળ થયા એટલે સર્વમગલ ટ્રસ્ટે આ પ્રવૃતિ ન કરી હોત, તો સંભવ છે કે આમાના મોટા ભાગની વ્યક્તિઓએ એમની દૃષ્ટિ ગુમાવી હોત. અજ્ઞાનતા અને ગરીબાઇને પરિણામે આ લોકો ભગવાનના ભરોસે જ જીવતા હોય છે.

★ બધાંને બધાં વિના ચાલે પણ આત્મા વિના ન ચાલે.

★ યોગ્ય જીવન વિકસાવનારા સથવારાની જરૂર લાગે તો પણ એકથી અટકજો. લાંબે ગાળે તે પણ છૂટે–છોડવું જ પડે. મુક્ત જીવનને વળી વળગણ શાં?

★ દિલમાં આવી પ્રાર્થના થાય કે ‘હે પ્રભુ! આવ. આ મને મળવાની ઉત્તમ તક છે. તું તો સમર્થ છે. હું અસમર્થ છું. તો તું જ દોડી આવ. તું તો જોયા કરે છે અમને. અમે જોઇ ન શકીએ તને. તું છે જ સર્વશક્તિમાન. તને વળી કોણ રોકે?’

–મા

# સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા

સ્વામી રામદાસ

## मातृदेवो भव

એક દિવસ રશિયાના એક એન્જિનીયર મિત્ર શ્રી મીરોનોફ અમને તેમનું કારખાનું જોવા લઇ ગયા, જ્યાં જુદી જુદી જાતના સંચાઓ બનતા હતા. આ ભાઇ સાચા જિજ્ઞાસુ હતા અને જીન હર્બટને ત્યાં પુસ્તકાલયમાં થતી સભામાં આવતા હતા. પ્રથમ તેઓ અમને તેમની બેઠકના ખંડમાં લઇ ગયા. ત્યાં તે તથા તેમની સાથે કામ કરનારાઓ એક નવું શોધાયેલું યંત્ર ગોઠવવામાં એકતાન થઇ ગયા હતા. ત્યાર પછી અમે વિશાળ કારખાનું જોવા ગયા જ્યાં સ્વસંચાલિત સંચાના જુદા જુદા દાગીના બનાવતાં એવાં બીજાં સેંકડો યંત્રો ચાલી રહ્યાં હતાં. કારખાનું જોવા રામદાસ એટલો ન અંજાયો જેટલો પ્રેમ અને ભક્તિભાવથી પેલા મિત્રે કારખાનું બનાવ્યું, તેનાથી તે મુગ્ધ બન્યો. તે ભાઇની ચાળીશ વર્ષની ઉંમર થઇ હતી છતાં તેઓ અપરિણીત રહ્યા હતા. જીવનમાં તેમને એક જ રસ હતો અને તે પોતાની વૃદ્ધ માતા કે જેના વિષે ભારે આદરભરી વાતો અમને કહેતા હતા. તેમની સેવા કરવી. તેમની દૃષ્ટિએ માતાની સેવા એ સાક્ષાત્ પરમાત્માની સેવા કરતાં જરાએ ઊતરતી ન હતી. એક દિવસ તો તેઓ તેમની માતાને રામદાસને મળવા જીન હર્બર્ટને ત્યાં ઉમંગથી તેડી લાવ્યા; અને રામદાસે તેમની સાથે થોડી વાતો કરી. આ સન્નારી સરળ, ભક્તિશાળી અને શ્રદ્ધાળું હતાં.



અત્રે એક શિલ્પી મિત્ર શ્રી હેન્રી પ્રેસોટનો ઉલ્લેખ કર્યા સિવાય રામદાસ પ્રકરણ બંધ કરી શકે નહીં. આ ભાઇ પણ જીન હર્બર્ટના ઘરે થતી સભામાં દરરોજ આવતા હતા. શિલ્પકળામાં એક નૂતન વિધાન આ ભાઇએ દાખલ કર્યું છે; જે હાલમાં યુરોપ તથા અમેરિકામાં કેટલેક ઠેકાણે સારી પ્રશંસા પામ્યું છે. તેઓ કેવા પ્રકારનું કામ કરી રહ્યા છે તે બતાવવા અમને તેમના કલામંદિરમાં લઇ ગયા. તે ભાઇ એક સાદા અને સરળ સ્વભાવના અવિવાહીત યુવાન હતા અને તેમની વૃદ્ધ માતાની પ્રેમભાવે ખૂબ સંભાળપૂર્વક સેવા કરતા હતા. જેમણે અત્યંત પ્રેમ અને સંભાળપૂર્વક પોતાને ઉછેરી મોટા કર્યા હતા એવાં વૃદ્ધ માતાપિતાના આજ્ઞાંકિત બની તેમની સેવા કરતા આવા સજ્જનોને મળતાં ખરેખર ખૂબ જ આનંદ થાય છે. ઉપનિષદો કહે છે કે :

**मातृ देवो भव। पितृ देवो भव।**
**आचार्य देवो भव। अतिथि देवो भव॥**

"તમારી માતા તમને દેવ સમી હો, તમારા પિતા તમને દેવ સમાન હો, તમારા આધ્યાત્મિક આચાર્ય તમને દેવ સમાન હો, અને અતિથિ પણ તમને દેવ હો." આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે હૃદયમાં સૌથી પ્રથમ આદર અને પૂજ્યભાવ, માતા માટે હોવા જોઇએ, પછી પિતા પ્રત્યે, પછી અજ્ઞાનના બંધનમાંથી મુક્ત કરી શાશ્વત સુખનું જ્ઞાન આપનાર ગુરુ પ્રત્યે અને ત્યાર પછી ખરી રીતે તો ગુરુની કૃપા પામવાની આપણી યોગ્યતા સંપાદન થતાં પહેલાં, આપણાં માત–પિતાની પ્રેમપૂર્વક સેવા કરી આપણી જાતને પવિત્ર કરવાની જરૂર છે.

બીજા દિવસે, પોરબંદરના અમારા મિત્ર શ્રી નાનજી કાળીદાસ મહેતાનાં પુત્રી કુ. સવિતાબહેન આવી અમને જીનીવામાં તેમના મકાને તેડી ગયાં. અને ત્યાં ચા–પાણી નાસ્તાથી અમારો સત્કાર કર્યો. તે બહેન, રામદાસ અને તેની મંડળી પ્રત્યે બહુ જ પ્રેમાળ અને માયાળુ હતાં.

## પ્રાર્થના કરતાં કરતાં કામ

દૂરથી આવેલ એક સરળ, સાદાં અને મહેનતુ દંપતી વિષે પણ રામદાસે ઉલ્લેખ કરવાનો છે. તેમણે અમારા વિષે સાંભળ્યું હશે અને તેથી અમને મળવા માટે તેઓ ઉત્સુક હતાં. એક દિવસ સાંજના તેઓ આવ્યાં અને અમારી સાથે બેસી અમારા ભેગાં શાકાહારી ભોજન લીધું. તેઓ જાણવા માગતાં હતાં કે પ્રામાણિક પરિશ્રમમાં જીવન વ્યતીત કરવું એ ઈશ્વરની ભક્તિ સમાન લેખાય કે નહીં, અને રામદાસે તેમને દૃઢતાપૂર્વક સમજાવ્યું કે પ્રાર્થના અને કાર્યનો સમન્વય એ જ સાચું જીવન છે. જ્યારે આપણાં હૃદય ભગવાન સાથે તન્મય હોય અને આપણા હાથ કામ કરવામાં રોકાયા હોય તેવી પરિસ્થિતિમાં આપણે ખચીત ઈશ્વરનાં માનીતાં ગણાઈએ. તે સમયે ઈશ્વર તેની કૃપા આપણા ઉપર વરસાવે છે અને અંતરમાં પ્રકાશ, શાંતિ અને પ્રસન્નતા ભરી દે છે. ખરેખર, આપણું અંતર એ ઈશ્વરનો આવાસ છે અને ત્યાં બિરાજતો આપણા અંતરનો તે દેવ છે.

અમારી સાથે થોડા દિવસો રહેવા માટે જેઓ આવ્યા હતા, તેમાંના બે ત્રણ જણા તો ખૂબ ભક્તિભાવવાળા હતા અને રસોડાનાં તેમ જ બીજાં કામોમાં અમને મૂંગામૂંગા મદદ કરતા હતા. તેમાંના એક બહેન શ્રીમતી એમ. ટોની ફ્લ્યુરી અધ્યાત્મ



માર્ગનાં એક દિવ્ય રત્ન હતાં. તેમની મુખમુદ્રા શાંત અને ગંભીર હતી અને સચ્ચિદાનંદના સુખનો નશો અનુભવતાં તેઓ ત્યાં હરતાં ફરતાં હતાં. બીજાં એક નાનાં બહેન બેલ્જીઅમથી આવેલાં કુ. ડેનીસ નવારે હતાં. તે પણ એક સાચં જિજ્ઞાસુ હતાં અને વાર્તાલાપ વખતે હંમેશાં હાજર રહી ત્યાં થતી આધ્યાત્મિક વાતોમાંથી યથાશક્તિ ગ્રહણ કરવા પોતાથી બનતું કરતાં હતાં. બીજાં એક કુલોન દંપતી પણ બેલ્જીઅમથી આવેલાં. તેઓ પણ વાર્તાલાપ વખતે હાજર રહેતાં હતાં. ત્યાંના જ બીજાં પણ એક દંપતી શ્રીમતી હૈસરેટસ અમને મળવા આવ્યાં અને જતી વખતે અમને બ્રસેલ્સ આવવા નિમંત્રણ આપ્યું. ફ્રાન્સનાં કુ. ડાયેના મેથોટ જેઓ વર્ષો પૂર્વે અમારા આશ્રમમાં આવેલાં હોઈ અમારાં જૂનાં પરિચિત છે, તે પણ અમને મળવા આવ્યાં અને તેમણે પણ જતાં પહેલાં અમે પેરીસ જઈએ ત્યારે તેમને ત્યાં ઊતરીએ તે માટે ખૂબ ઈચ્છા પ્રદર્શિત કરી અમારી સંમતિ લઈ લીધી.

★ 'પ્રભુ'–'સંત' જેવા શબ્દોના વળગણોમાં મા ફસાય તો 'મા'ની કંપની ફડચામાં જાય.

★ જમીને જે ઊઠે ને 'હાશ' કહે એ જ મોટા આશીર્વાદ.

★ સંતોની કૃપાનાં આંદોલનો, વ્રતો, નિયમો, સત્કર્મો કામ કરે જ.

–મા

# May they rest in Peace

–તંત્રી

Death is always painful for those who survive. In the last month of January Yogeshwar Parivar has lost 2 important devotees. One is shri Ganshyambhai Desai, the manager of Swargarohan Ambajee and the other is shri Sureshbhai shah of Canada. Both died of heart attack. Both are indeed a great loss to all of us. No doubt, both of them were of fairly advanced age, however, both were active till the last breath of their life

We all therefore, pray Gurudev Shri Yogeshwarji and Maa Shri Sarweshwari to give them the highest type of bliss and peace after death, given by God to his special devotees.

**કેનેડાના શ્રી સુરેશભાઇ શાહ હવે આપણી વચ્ચે નથી.**

શ્રી યોગેશ્વર પરિવારના બધા જ સભ્યો શ્રી સુરેશભાઇ શાહ, કેનેડાથી પરિચિત છે, કારણ કે તેઓ છેલ્લા ત્રણ ચાર વર્ષથી સત્કર્મો તેમજ પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્ય માટે સ્વર્ગારોહણ–અંબાજી તેઓના પત્ની શ્રીમતી વિમળાબહેન સાથે ભારત આવતા. તેઓનો સ્વર્ગવાસ અમદાવાદ ખાતે તા.૨૮ જાન્યુ. ના



રોજ આકસ્મિક હાર્ટ એટેકથી થયો. એ ખરે જ દુ:ખદ ઘટના બની.

શ્રી સુરેશભાઇ બાળપણથી જ પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં તેમના પિતા શ્રી મોહનભાઇ ને માતા શારદાબહેનના લીધે આવેલા. શ્રી સુરેશભાઇનું એ સદ્ભાગ્ય રહ્યું કે અમદાવાદ છોડી, વિદેશમાં કેનેડા જવાનું થયું, છતાં પૂ.શ્રી યોગેશ્વરજી સાથેનો એમનો સંબંધ અકબંધ રહ્યો. એટલું જ નહીં પરંતુ તેઓના કેનેડામાં યજમાન બનવાનું તેમજ પૂ.યોગેશ્વરજીની દોરવણી નીચે ધ્યાન કેન્દ્ર શરૂ કરી, વર્ષો સુધી એકધારી રીતે ચાલુ રાખવાનું સદ્ભાગ્ય પણ પ્રભુએ તેમને ધર્યું. કેનેડામાંના કેટલાક સદ્ભાગી ભારતીય પરિવારો શ્રી સુરેશભાઇ શાહ સાથે જોડાયા, તો તેઓને તો લાભ થયો, કિન્તુ તેમના સંતાનોને પણ આધ્યાત્મિકતાનો રંગ લાગ્યો ને તેઓ સાચે જ પશ્ચિમી જગતનાં દૂષણોથી બચી ગયા. આ કેટલો મોટો લાભ! પૂ.મા શ્રી સર્વેશ્વરીની કેનેડા, અમેરિકા અને પનામાની યાત્રાઓની આ ફલશ્રુતિ.

શ્રી સુરેશભાઇની ખોટ કેનેડાના ધ્યાન કેન્દ્રને અને એમના પરિવારના સભ્યોને તો પડશે. એટલી જ અધ્યાત્મ માસિકને પણ વરતાશે, કારણ કે તેઓએ સત્સંગ કેન્દ્ર દ્વારા અત્યાર સુધીમાં અધ્યાત્મને ઘણી બધી આર્થિક સહાય કરી છે, તે કેમ ભૂલાય! પ્રભુ એમના આત્માને શાન્તિ આપે!

ગુરુ તો દર્પણ છે. આપણી મનોદશાનો જ ફોટોગ્રાફ પાછો આપે. આપણી અંતરંગ દશાનો જ પ્રતિધ્વનિ આપે.

**–મા**

# Youth Speeches

**–Gargi**

I finished my first of college at University of North Texas and doing accounting. I was born in New Zealand, and how did we end up there? That's all MAA's Krupa. MAA named both my sister and me. I met MAA when I was forurteen months old at Bhagwanjikaka's place. When we came from New Zealand, the First thing we did was go straight from the airport to see MAA.That was the first time I saw MAA. When we were younger, MAA once came to LA for a long period of time. I remember all the kids had to read a chapter of Step Towards Eternity each satsang. During satang, MAA would have each of us the same chapter in their own words. There would be satsang every night so before the satsang we would be at Sureshkaka's house franticly passing the book to read the chapter of the day. MAA got us into MAA–Prabhu mode at an early age; I was 9 when She came.



My favorite memory with Maa was when I was 10 years old at the Toronto Youth Shibir in 2001. It was my first birthday with MAA; and, I remember that she had me pass out candy to everyone from on large bag. After I finished, Shipraben told me to give the remaining candies to MAA. When I bowed to MAA, She showered me with that candy. When we were in New Zealand, MAA had talked to Gopiben on the phone and she had told her, "Don't worry, you will see MAA soon. You will get ice cream and candy showered on you." Whenever we come see MAA, she always gives us ice cream parties; for example, when we are in Swargarohan and its 2am–everyone is called for some satsang with ice cream.

Now that we are older we understand more, and we able to see the bigger picture of why MAA is doing what she is doing. When were younger, it was just that we liked to go to MAA because of the Prasad or because she makes us laugh; just small reasons like that.

I like going to Swargarohan because upon my first step Swargarohan everything

disappears. It’s like magic. You may want to think about the world, or your friends, but you can’t it’s impossible. This is why I like Swargarohan. Regardless of what’s going on or what we need to do when we come back to America, our mind is copletely clear and able to absorb so much more there. During winter breaks, I attend the satkarmas which include the food camps, clothes donation camps, medical camps, and eye camps. Also MAA sends the youth from America to the villages to see the liviing conditions of the individuals who receive help. They don’t have anythings; some don’t even have roofs or doors. We see the houses that are considered rich and the houses that are considered poor, but the houses that are “rich” to them are in need of so much to us. Certain criteria must to be met for the families to be able to come and receive aid from Swargarohan. MAA shows us the entire process.

MAA has been talking about prayers a lot here Peterborough. Every prayer reaches God. When and how that prayer is answered is up to God, but every prayer you do–does go to God’s



doors and that door is open when you do a prayer.

When you are in the real world it;s hard, your mind gets layered in things that aren’t important like friends and school life. You are not God mode–when you here, MAA takes those layers of tar off our minds. When I go back home because I tell myself I am going to change to be how I am in MAA’s presence. This is the hard part; and this is my prayer to MAA. Jai Krupalu MAA.

માનવને અભાવો વચ્ચે પણ આનંદપૂર્વક જીવવાનું બળ જો કોઈ વસ્તુ પૂરું પાડતી હોય તો તે પ્રેમ જ છે.

—યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# દૃષ્ટિની કેળવણી

સ્વામી ચિદાનંદ સરસ્વતી

વિચારશીલ માણસને ઘણી વાર વિચાર આવ્યા કરતા હોય છે કે કાર્ય–કારણરૂપ આ સુખદુઃખમય સંસાર અનાદિકાળથી ચાલ્યો આવે છે તેનું કારણ, ભલા, શું હશે? વિચાર તો ઘણાને આવતો હશે, પણ તેની શોધ કરવામાં પ્રવૃત્ત તો કોઇક વિરલો જ થાય છે.

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં સંસારવૃક્ષનું વર્ણન કર્યું છે અને તેનું મૂળ પણ બતાવ્યું છે; એટલું જ નહિ, પણ તે મૂળને કાપવાનું શસ્ત્ર પણ બતાવ્યું છે. પણ ત્યાં અર્થગાંભીર્ય બહુ હોઇ તે સમજવું સામાન્ય માનવીને મુશ્કેલ પડે છે.

પાતંજલ યોગદર્શનમાં આ વાત સર્વસાધારણ માનવી પણ સમજી શકે તેવી રીતે મૂકી છે; તો તે જ જોઇએ. આ પ્રસંગમાં ભગવાન પતંજલિ કહે છે કે :

'**दृष्टदृश्ययोः संयोगो हेयहेतुः ।**' એ અર્થાત્ દ્રષ્ટા જે આત્મા તેનો દૃશ્ય એવું જે શરીર તેની સાથે જે સંયોગ થયો છે એટલે કે તાદાત્મ્ય સંબંધ થઇ ગયો છે તે જ સંસારરૂપી દુઃખનું કારણ છે અને તેને લીધે જ જન્મમરણનો પ્રવાહ ચાલુ રહે છે.

'સંયોગ થયો છે,' એનો અર્થ એટલો જ કે પરસ્પરવિરોધી સ્વભાવવાળા પદાર્થોના સ્વભાવનું એકબીજામાં આરોપણ. આત્માના ધર્મ અનાત્મા શરીરમાં કલ્પી લેવા, એટલે કે આત્મા પરમ પવિત્ર છે, તેને બદલે શરીર કે જે અપવિત્રતાનું ધામ છે તેને પવિત્ર માનવું. આત્મા અવિનાશી છે, તેને બદલે ક્ષણ-ભંગુર શરીરને અવિનાશી માનવું. આત્મા સ્વભાવે જ સુખરૂપ



છે, તેને બદલે દુઃખરૂપ એવા શરીરને સુખી કરવા એટલે કે સુખરૂપ બનાવવા આખી જિંદગી પ્રયત્ન કરવો. આત્મા ચેતન-સ્વરૂપ છે એને બદલે જડ શરીરને ચેતનરૂપ જાણવું, વગેરે વગેરે. તેવી જ રીતે શરીરના ધર્મોનું આત્મામાં આરોપણ થાય છે. જેમ કે શરીર દૂબળું હોય તો આત્મા કહેશે, હું દૂબળો છું; શરીર વૃદ્ધ હોય ત્યારે આત્મા કહેશે, હું વૃદ્ધ છું. શરીર જન્મે ત્યારે આત્મા પોતાને જન્મતો માને અને શરીરના મૃત્યુથી આત્મા પોતાને મૃત્યુ પામતો માને. **'આત્માનું મૃત્યુ માનીને અજ્ઞાની મૃત્યુ પામતો.'** આવી રીતે જો કે આત્મા અને શરીર તદ્દન વિલક્ષણ છે. તેમ જ વિરુદ્ધ ધર્મવાળાં છે, છતાં પણ ઈશ્વરની માયાથી બંને એકરૂપ થઇ જાય છે અને તેને લીધે જ સંસારચક્ર ચાલુ રહે છે.

આ સંયોગ દૂર કરવા માટે માણસે પોતાની દૃષ્ટિને ઠીક કરવી જોઇએ. આત્માના ધર્મો જોવા–જાણવા માટે દિવ્યદૃષ્ટિ કે જ્ઞાનદૃષ્ટિ કેળવવી જોઇએ; જ્યારે શરીરના અને સંસારના ધર્મો સમજવા માટે વ્યાવહારિક દૃષ્ટિ કેળવવી જોઇએ. કારણ, શરીર અને સંસાર વ્યાવહારિક સત્તાવાળાં છે; જ્યારે આત્માની સત્તા પારમાર્થિક છે.

પારમાર્થિક તેમ જ વ્યાવહારિક દૃષ્ટિ ભિન્ન ભિન્ન કેળવવી જોઇએ. અને એક દૃષ્ટિએ વિચાર કરતા હોઇએ ત્યારે બીજી દૃષ્ટિએ તે વાત વિચારાય નહિ. કારણ, બંને દૃષ્ટિઓની ભૂમિકાઓ ભિન્ન ભિન્ન છે. આ બે દૃષ્ટિ વચ્ચે જ્યારે સંકર થઇ જાય છે, ત્યારે યથાર્થ બોધ થતો નથી; એટલું જ નહિ, પણ ઊલટી સમજણ (વિપર્યય) થઇ જાય છે. આ બંને દૃષ્ટિને નિરનિરાળી રાખવી જરૂરની છે તે બતાવવા માટે માણસને સૃષ્ટિકર્તાએ બે આંખ આપી છે. ભાવ એમ છે કે જ્યારે પારમાર્થિક દૃષ્ટિએ

વિચાર કરતા હોઈએ ત્યારે વ્યાવહારિક આંખ બંધ કરી દેવી જોઈએ, અને તેવી જ રીતે જ્યારે વ્યાવહારિક દૃષ્ટિએ જોતા હોઈએ ત્યારે પારમાર્થિક આંખ બંધ કરી દેવી જોઈએ. આ વાતના પ્રતીકરૂપે સ્થૂલશરીરમાં બે આંખ છે.

આ વાત માટે ઉદાહરણ લઈએ. ચાર–પાંચ માણસો સાથે બેસી વાતો કરે છે. આ પાંચ માણસમાંથી એકને તાવ આવે છે. આથી એક બીજા ભાઈ કે જે વૈદક વિદ્યા જાણે છે તે કહે છે કે, 'ભાઈ, કડુ, કરિયાતું ને કલંભો રાતે પલાળી રાખી સવારે પીતા જાઓ, એટલે તમારો તાવ ઊતરી જશે.'

ત્યાં વળી બીજા ભાઈ બોલી ઊઠે છે, 'એટલી બધી માથાકૂટ શું કામ કરવી જોઈએ? આખરે તો બધું બ્રહ્મરૂપ જ છે ને? એટલે કડુ, કરિયાતું પણ બ્રહ્મરૂપ જ છે અને આ ધૂળની ચપટી પણ બ્રહ્મરૂપ જ છે. માટે તાવ તો ધૂળની ચપટીથી પણ ઊતરી જશે.' વળી ભૂમિતિના નિયમથી પણ સમજાવે છે કે : 'કડુ કરિયાતુ=બ્રહ્મ; ધૂળની ચપટી=બ્રહ્મ એટલે કડુ કરિયાતું=ધૂળની ચપટી.'

હવે અહીં દૃષ્ટિનો સંકર થવાથી યથાર્થ જ્ઞાન થતું નથી, પણ જ્ઞાનનો અવળો અર્થ થાય છે. કડુ–કરિયાતું વગેરેથી તાવ ઊતરવો એ વાત વ્યાવહારિક દૃષ્ટિની છે, જ્યારે સર્વ બ્રહ્મરૂપ છે એ વાત પારમાર્થિક દૃષ્ટિની છે, માટે જે ભૂમિકા ઉપરથી આપણે વાત કરતા હોઈએ તે જ દૃષ્ટિથી તે વાત જોવી જોઈએ. તે સ્થાને દૃષ્ટિભેદ થાય તો પરિણામ બહુ ખરાબ આવે.

આ વિષય સમજાવતાં શ્રીભાગવતમાં (સુબોધિનીજીમાં) શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવજીને કહે છે :



**शुद्ध्यशुद्धी विधीयते समानेष्वपि वस्तुषु ।**
**धर्मार्थं व्यवहारार्थं यात्रार्थमपि चानघ ॥**

ભાગવત (૧૧/૨૧/૩–૪)

**અનુવાદઃ**—વસ્તુઓ સમાન હોવા છતાં પણ શુદ્ધિ–અશુદ્ધિનું વિધાન કરવામાં આવેલ છે, કે જેના દ્વારા ધર્મનું સંપાદન થઈ શકે, સમાજનો વ્યવહાર યોગ્ય રીતે થઈ શકે અને જીવનયાત્રાનો નિર્વાહ થઈ શકે.

તત્ત્વદૃષ્ટિએ તો તમામ પદાર્થ બ્રહ્મરૂપ જ છે કે ભગવદ્રૂપ જ છે. પરંતુ વ્યવહારકાળમાં તેને પૃથક્ પૃથક્ સમજવા જોઈએ. સોનાનાં બધાં ઘરેણામાં સોનું જ છે. પરંતુ નામ–રૂપ અનુસાર કંઠી ગળામાં પહેરાય છે અને વીંટી હાથમાં.

એનું કારણ એમ છે કે દરેક પદાર્થનો ધર્મ જુદો જુદો છે. ધર્મ એટલે સ્વભાવ કે ગુણ. એટલે વ્યવહારકાળમાં તો જ્યાં કડુ જોઈએ ત્યાં બીજો પદાર્થ ન ચાલે. વળી ગુણ જુદા જુદા હોઈ તેનો ઉપયોગ પણ જુદી જુદી રીતે થવો જોઈએ. કારણ, જીવનયાત્રાને માટે એટલે કે જીવનના નિર્વાહને માટે આમ કરવું અતિ આવશ્યક છે. આ બાબત ધ્યાનમાં રાખવામાં ન આવે તો શરીરનો નાશ થઈ જાય.

આથી ઊલટું દૃષ્ટાંત લઈએ. એક ભાઈ વેદાન્ત સમજાવતાં કહે છે : 'બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થયું છે એટલે જાગ્રતાદિ પ્રપંચ દેખાય છે તે બધું બ્રહ્મરૂપ છે.' આ સાંભળી એક બીજા ભાઈ બોલી ઊઠે છે કે 'જે દેખાય છે તે બધું બ્રહ્મરૂપ જ હોય તો પછી લીમડો કડવો કેમ લાગે છે અને સાકર ગળી કેમ લાગે છે? એક જ બ્રહ્મ એક ઠેકાણે કડવા અને બીજા ઠેકાણે ગળ્યા લાગે તો તો બ્રહ્મ વિષમ કહેવાય. માટે તમારી આ વાત બરાબર નથી.'

હવે જુઓ. અહીં પણ દૃષ્ટિનો સંકર થવાથી બોધ થતો

નથી, પણ ઊલટું વિપર્યય બોધ થાય છે, એટલે કે અન્યથા જ્ઞાન થાય છે. બધું બ્રહ્મરૂપ જ છે એવું નિરૂપણ એ આધ્યાત્મિક ભૂમિકાના વિષય છે, જ્યારે સાકર ગળી લાગવી અને લીમડો કડવો લાગવો તે વ્યાવહારિક ભૂમિકાની વાત છે. એટલે આધ્યાત્મિક અર્થાત્ પારમાર્થિક દૃષ્ટિએ વાત થતી હોય ત્યાં વ્યાવહારિક શ્રેત્રનાં ઉદાહરણો કામ ન લાગે; કારણ તેથી તો દૃષ્ટિનો સંકર થાય અને તેમ થવાથી તો વિપરીત જ્ઞાન થાય, યથાર્થ જ્ઞાન થાય નહીં.

આ તો લૌકિક સાધારણ દૃષ્ટાંતો જોયાં. હવે સ્મૃતિનું દૃષ્ટાંત લઈએ. ગીતામાં કહ્યું છે કે :

**विद्याविनयसंपन्ने, ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च, पण्डिताः समदर्शिनः ॥**

વિદ્વાન બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો તેમ જ ચાંડાલમાં જ્ઞાની પુરુષો સમાન દૃષ્ટિ રાખે છે.

'**समदर्शिनः**'શબ્દ બતાવે છે કે આ પ્રસંગ પારમાર્થિક દૃષ્ટિ-નો છે. એટલે કે જે માણસે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેની દૃષ્ટિમાં શારીરિક ભિન્નતા પ્રકૃતિનું કાર્ય હોઈ મિથ્યા છે અને તેથી તે, બધાં પ્રાણીઓમાં એક જ આત્માને જુએ છે. આ બધાં પ્રાણી-ઓનાં શરીરો તેમ જ સ્વભાવો જુદાં જુદાં છે, પણ તે બધામાં ચેતનસત્તા તો એક આત્માની છે, એમ જાણી જ્ઞાની પુરુષ પારમાર્થિક દૃષ્ટિએ તે બધાંને આત્મારૂપ જુએ છે; પણ વ્યાવ-હારિક દૃષ્ટિએ એટલે શરીરના વ્યવહારકાળમાં તો આવા જ્ઞાનીને દૂધ જોઈતું હોય તો ગાયનું જ કામ લાગે, કૂતરીનું નહીં. સવારી કરવી હોય તો હાથી ઉપર જ બેસાય, ગાય કે કૂતરા ઉપર બેસાય નહીં. ખેતરનું રખોપું કરવું હોય તો ત્યાં કૂતરો જ કામ લાગે, ગાય કે હાથી ત્યાં કામ ન લાગે. આટલા માટે જ



પ્રસ્તુત શ્લોકમાં '**समदर्शिनः**'શબ્દ વપરાયો છે, '**सम-वर्तिनः**'શબ્દ નથી વપરાયો. સમદૃષ્ટિ રાખે છે, સમાન વ્યવહાર કરતો નથી. એટલે ગીતા કહે છે કે જ્ઞાનીએ પણ, તત્ત્વજ્ઞાન થયા પછી પણ, બન્ને દૃષ્ટિને ભિન્ન ભિન્ન કેળવવી બહુ જરૂરી છે. કારણ તેને પણ શરીર છે ત્યાંસુધી શરીરના વ્યવહાર પણ છે, અને શરીરના વ્યવહાર છે ત્યાંસુધી સંસાર પણ છે; એટલે તેણે પણ વ્યવહારકાળમાં તો, વ્યાવહારિક દૃષ્ટિએ જ પોતાના વ્યવહાર શાસ્ત્રમર્યાદા પ્રમાણે યથાયોગ્ય કરવા જોઈએ. દૃષ્ટિનો સંકર ન થવા દેવો જોઈએ. જો થઈ જાય તો મહાન અનર્થ ઊભો થાય, ને જ્ઞાનીને પણ એક વાર તો મન—બુદ્ધિ પાપાચરણમાં ધકેલી દે.

એક વાત અહીં સમજી લઈએ. વ્યાવહારિક જગત છે તે પ્રકૃતિનું કાર્ય છે અને તેથી ત્યાં તો વિષમતા રહેવાની જ છે. પ્રકૃતિની વિષમતાથી જ સંસારની રચના છે. પ્રકૃતિની સામ્યા-વસ્થા થતાં સૃષ્ટિ ટકી શકે નહીં. પ્રકૃતિના ત્રણ ગુણો સત્ત્વ, રજ અને તમ જ્યારે સામ્યાવસ્થામાં હતા ત્યારે કંઈ જ ન હતું, બધું જ અવ્યક્ત હતું. પણ પરમાત્માની દૃષ્ટિ પડતાં જ ગુણોમાં ક્ષોભ થયો, અને તે વિષમતા પામતાં તેમાંથી સૃષ્ટિની રચના થઈ. એટલે સૃષ્ટિમાં તો વિષમતા અનિવાર્ય જ છે, કારણ, વિષમતા જ એનો સ્વભાવ છે. એટલે જ્ઞાનીએ પણ વ્યવહાર તો શાસ્ત્ર પ્રમાણે યથાયોગ્ય જ કરવો જોઈએ, જો કે જ્ઞાન—દૃષ્ટિએ તો બધું પોતાના આત્મારૂપે જ છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ આ વાત ઉપર બહુ જ ભાર દેતા અને બંને દૃષ્ટિને અલગ અલગ કેળવવા ખાસ સમજાવતા. તેઓ એમ કહેતા કે જ્ઞાનદૃષ્ટિએ કે પારમાર્થિક દૃષ્ટિએ તો ચોર, અગ્નિ, સર્પ અને સિંહ પરમેશ્વરરૂપ જ છે, કારણ તે જુદાં જુદાં

શરીરોમાં એક જ પરમેશ્વર બિરાજે છે, અને તેનું નિયમન કરે છે. પરંતુ વ્યવહારકાળમાં તેઓને પરમેશ્વર જાણીને ભેટવા જઈએ તો આપણા શરીરનો નાશ થઈ જાય. વધારે સમજાવતાં કહેતા કે ચોર નારાયણરૂપ જ છે પણ તે જ્ઞાનદૃષ્ટિએ; વ્યવહારકાળમાં તેની ભાઈબંધી ન કરાય, પણ છેટેથી જ નમસ્કાર કરાય, નહીંતર આપણો નાશ કરી નાંખે. તેવી જ રીતે અગ્નિ પણ નારાયણનું જ સ્વરૂપ છે એમાં ના નહીં. પણ તેની સાથે વ્યવહાર તો ઉષ્ણતા મેળવવા પૂરતો જ કરાય. પરમેશ્વરનું રૂપ જાણી ભેટવા જઈએ તો બળી જવાય. તે જ પ્રમાણે સર્પ—સિંહાદિ પ્રાણીઓ પણ જ્ઞાનદૃષ્ટિએ તો નારાયણરૂપ જ છે, પરંતુ વ્યવહારકાળમાં તો તેનાથી આપણી જાતનું રક્ષણ કરવું જોઈએ.

બીજું એક શાસ્ત્રનું રમૂજી પણ સચોટ દૃષ્ટાંત છે તે સમજી લઈએ. એક ગુરુજી હતા તે પાઠશાળામાં અમુક વિદ્યાર્થીઓને વેદાન્ત સમજાવતા હતા. તેમાં એક પ્રસંગ આવ્યો કે 'જે જે દૃષ્ટિથી દેખાય છે તે તે મિથ્યા સમજવું.' હવે આ વાત થઈ જ્ઞાનદૃષ્ટિની. તે વાતને વ્યવહારમાં લાગુ પાડીએ તો અનર્થ થાય. બેચાર દિવસ પછી એવું બન્યું કે એક હાથી ગાંડો થઈ ગયો હતો. અને તે ઊભી બજારે દોડતો જતો હતો. ગુરુજી તે વખતે બજારમાં હતા અને તેમને આ વાતની જાણ થતાં, તે રક્ષણ શોધવા દોડવા મંડ્યા. તેના એક શિષ્યે ગુરુજીને દોડતા જોઈ પોતે પોતાના સુરક્ષિત સ્થાનમાંથી બોલ્યો કે '**गुरो गजो मिथ्या**' એટલે કે 'ગુરુજી, નકામા દોડવાનો ત્રાસ શા માટે વેઠો છો? હાથી મિથ્યા છે એમ તમે જ અમને બતાવ્યું હતું.' ગુરુજીએ દોડતાં દોડતાં જ જવાબ આપ્યો કે 'ભાઈ, **पलायन-मपि मिथ्या।**' એટલે કે હું દોડું છું તે પણ મિથ્યા જ છે! હવે અહીં પણ દૃષ્ટિનો સંકર છે અને તેથી શિષ્યનું જ્ઞાન યથાર્થ નથી પણ વિપરીત છે. હાથી મિથ્યા છે



તે આધ્યાત્મિક દૃષ્ટિની વાત છે. પણ વ્યવહારકાળમાં તો હાથી સાચો છે. હાથી ગાંડો થયો છે એ પણ સાચું છે અને તેથી રક્ષણ મેળવવું તે પણ એટલું જ સાચું છે અને તેથી જરૂરી પણ છે. ગુરુજીએ જવાબ દીધો કે જે દૃષ્ટિએ જેમ હાથી મિથ્યા છે તે દૃષ્ટિએ મારું દોડવું પણ મિથ્યા જ છે. એટલે કે જ્ઞાનદૃષ્ટિએ જેમ હાથી મિથ્યા છે, તેમ દોડવા-ની ક્રિયા પણ મિથ્યા છે; અને વ્યવહારકાળમાં હાથી સાચો છે એટલે દોડવું પણ સાચું છે. ગુરુનું જ્ઞાન સંશયવિપર્યયરહિત હતું એટલે તેની દૃષ્ટિમાં ભેદ નહોતો પડતો, જ્યારે શિષ્યનું જ્ઞાન કેવળ વાતો કરવા પૂરતું જ હતું, એટલે તેણે બન્ને દૃષ્ટિને સેળભેળ કરી દીધી.

હવે આ નિબંધની શરૂઆતમાં આપણે કહ્યું હતું કે દ્રષ્ટા અને દૃશ્યના ધર્મોનો તાદાત્મ્ય સંયોગ થઈ ગયો છે, તેથી જ આ સર્ગ—વિસર્ગની ઘટમાળ ચાલ્યા કરે છે, એટલે કે જન્મ—મરણનું ચક્ર અનાદિ કાળથી ચાલતું આવે છે. આ સંયોગ દૂર થાય ત્યારે આ ઘટમાળનો અંત આવે. આ સંયોગ દૂર કરવો હોય તો જ્ઞાનદૃષ્ટિથી દ્રષ્ટા આત્માના ધર્મો બરાબર સમજી લેવા જોઈએ અને પછી તે ધર્મોનું દૃશ્ય શરીરમાં આરોપણ કરવું ન જોઈએ. તેવી જ રીતે વ્યાવહારિક દૃષ્ટિથી શરીરના જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ વગેરે ધર્મો સમજી લેવા જોઈએ અને તે ધર્મો આત્માના નથી તેમ નક્કી કરી તેને આત્મામાં આરોપિત ન કરવા.

શ્રીશંકરાચાર્યે એક નાના વાક્યમાં આ વાત બહુ જ સરસ રીતે કહી છે. '**देहेऽहंमतिः उज्झ्यताम्**' એટલે કે દેહમાં તેં જે આત્મબુદ્ધિ કરી લીધી છે તે છોડી દે, અને પછી આત્માના ધર્મો જાણી, 'હું આત્મા છું' એવો નિશ્ચય કરી, પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જા.

# શબ્દની શક્તિ

કુન્દનિકા કાપડીયા

જે માણસ શબ્દની શક્તિ જાણે છે તેને માટે કોઇ સિદ્ધિ અશક્ય નથી. શબ્દો વડે તે અણદીઠાં પરિબળોને ક્રિયાન્વિત કરે છે અને પોતાના દેહને કે પરિસ્થિતિને ફરી ઘડી શકે છે. અને એટલે સાચા શબ્દો પસંદ કરવા એ ખૂબ મહત્ત્વનું છે.

મને ઘણી વાર પૂછવામાં આવે છે કે શ્રદ્ધાનું નિદર્શન કેમ કરવું.

હું કહું છું, ''શબ્દો ઉચ્ચારો અને પછી ચોખ્ખો સંકેત ન મળે ત્યાં સુધી કાંઇ ન કરો.''

અને આ સંકેત માટે પણ માગણી કરો. કહો : ''અનંત ચેતના, મને માર્ગ દર્શાવો, મારે કાંઇ કરવાનું હોય તો તે મને જણાવો.''

અને જવાબ મળશે : અંતઃસ્ફુરણ દ્વારા કે કોઇકના આકસ્મિક ઉદ્‌ગાર દ્વારા કે પુસ્તકના કોઇ લખાણ દ્વારા વગેરે. ઘણીવાર તો આ જવાબો એટલા ચોક્કસ હોય છે કે દિંગ થઇ જવાય.

આપવાથી પામવાનો માર્ગ ખૂલે છે. માણસે પોતાની આવકનો દસમો ભાગ આપવો જોઇએ. એવો એક જૂનો રિવાજ યહૂદીઓમાં હતો. આ આપેલો દસમો ભાગ અનેકગણો થઇને પાછો આવે છે. પણ ભેટ આનંદ અને પ્રેમથી આપવી જોઇએ બિલ આનંદપૂર્વક ભરવાં જોઇએ. જે કાંઇ પૈસા આપવા પડે તે નિર્ભયતાથી અને શુભેચ્છાથી આપવા જોઇએ.

એક દિવસ હું રસ્તા પરથી જતી હતી ત્યારે અચાનક જ



મને થયું કે મારે સો ડગલાં દૂર આવેલી એક પાઉંરોટીવાળાની દુકાને જવું. મારી બુદ્ધિએ દલીલ કરી કે ત્યાં મારે જોઇએ છે તેવી કોઇ વસ્તુ નથી પણ તર્ક ન માનવાનું હું શીખી છું. તેથી હું ત્યાં ગઇ, ત્યાંની વસ્તુઓ જોઇ. ખરેખર મારે જોઇતી કોઇ વસ્તુ ત્યાં નહોતી પણ પાછા આવતાં મને એક સ્ત્રી મળી જેને મદદની અત્યંત જરૂર હતી અને હું તે મદદ તેને આપી શકું તેમ હતી.

ક્યારેક આપણે એક બાબત માટે નીકળ્યા હોઇએ છીએ અને આપણને બીજી જ વસ્તુ ભેટી જાય છે. અંતઃસ્ફુરણા એક આધ્યાત્મિક શક્તિ છે. તે ખુલાસો નથી આપતી, માત્ર માર્ગ દર્શાવે છે.

માણસોને ખબર નથી હોતી કે તેમનાં કાર્યો શરીર પર કેટલી અસર કરે છે. દરેક રોગને મન સાથે સંબંધ છે. માણસ સંઘરો, વિદ્વેષ, ભય, તિરસ્કાર સેવે તો તેને માંદગી આવ્યા વગર રહેતી નથી. નિત્ય આરોગ્ય માટે માણસોનો આત્મા (અર્ધજાગ્રત મન) બરફ જેવો ઊજળો હોવો જોઇએ.

ઘણા માણસો બીજાઓની નિંદા—તિરસ્કાર કરીને પોતાને માટે દુઃખ—રોગ આમંત્રે છે, કારણ કે બીજાઓમાં જેને તે તિરસ્કારે છે, તે જ વસ્તુ તેના ભણી ખેંચાઇ આવે છે.

અનિર્ણયાત્મકતા ઘણીવાર માર્ગમાં અવરોધરૂપ બને છે, એને જીતવા માટે આ ઉક્તિ ફરી ફરી ઉચ્ચારો : ''હું હંમેશા સીધી પ્રેરણા મેળવું છું. હું ઝડપથી અને સાચા નિર્ણયો કરું છું.''

આ શબ્દો અર્ધજાગ્રત મન પર અંકિત થાય છે અને માણસ તરત સજાગ, સાવધ બની જઇ, અચકાયા વગર સાચાં પગલાં ભરતો થાય છે. સાધારણ રીતે માણસ માટે ભયભીત થવાનું સહેલું છે, શ્રદ્ધા રાખવાનું અઘરું છે. એ શ્રદ્ધા કાયમ માટે પ્રબળ ઇચ્છાશક્તિનો ઉપયોગ કરવો જોઇએ.

# વ્યથા વિરહની

**સર્વેશ્વરી**

વ્યથા વિરહની રે વ્હાલા ! તારી વાટમાં રે લોલ;
આંસુડાંની ધારેધાર અહોનિશ આંખમાં રે લોલ.
ધીરજ હિંમતની રે કસોટી કરે કારમી રે લોલ;
નિંદા ટીકાનાં ફૂલ પાથરતો પ્યારથી રે લોલ...
વ્યથા...

ચારેકોર વાગતું રે વિરોધ કેરું ગીતડું રે લોલ;
તલસાવે તડપાવે તેમ દર્દ થકી દિલડું રે લોલ...
વ્યથા...

કટુ વચનનો રે પ્રસાદ ધરે પ્રેમથી રે લોલ;
જીવન ઘડતરના પાઠ પઢાવતો સ્નેહથી રે લોલ..
અંતે ધરી દે ધન્ય પરમાણુ પ્રાણનો રે લોલ;
આનંદમંગલ થાય ભક્ત—ઉર આંગણું રે લોલ..
વ્યથા...



પ્રભુપંથે પ્રયાણ કરનારાની આકરી કસોટીઓ થતી હોય છે. ધ્રુવજી, પ્રહલાદ, મીરાંબાઇ જીવનને જાણવાથી એનો ખ્યાલ આવે જ છે.

મારી સાધનાની પગદંડી ઉપર પણ એવા જ અનુભવો થયા, જેનું વર્ણન આ પદ દ્વારા વ્યક્ત થયું છે.

પ્રભુ પોતાના પ્યારા ભક્તને સર્વક્ષેત્રે સંપૂર્ણ બનાવવા માગતો હોઇ સર્વ સદ્‌ગુણોનો વિકાસ થાય તેને તે જરૂરી માને છે.

તેથી જ નિંદા અને ટીકાનાં પુષ્પો પાથરીને ભક્તની સહનશક્તિને સુદ્રઢ કરે છે. વળી, સત્ય મધુરભાષી પ્રશંસાત્મક શબ્દોની પ્રસાદીને બદલે કટુ વચનોનો પ્રસાદ આપતો રહે છે.

પ્રભુને પામવાની વિરહવેદના હોય, એને મેળવવા માટે સતત અશ્રુપાત થતો હોય, તો છેવટે ઘણા લાંબા કાળે પ્રભુ કૃપાની વર્ષા વરસાવતો જોવા મળે છે. પ્રભુ ભક્તને છેવટે ધન્યતામાં સ્નાન કરાવે છે, પછી તો ભક્તના જીવનમાં આનંદ—આનંદ થઇ જાય છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પૂ.માની સંનિધિમાં દિવાળી પર્વના દિવસો

ડૉ. બી. જે. જાગાણી

સ્વર્ગારોહણતીર્થ સત્કર્મ ને સાધનાનો યર્થાય બની ગયું છે. તીર્થ સ્થાન છે, તેના સર્જક પણ વર્તમાનયુગમાં જ સામાન્ય બનીને સાધકોની વચ્ચે જ ખુલ્લી કિતાબ જેવું, પારદર્શી ને પ્રેરક જીવન સૌને શ્રી હરિના અંકે જ લાડ કરાવી રહ્યાં છે. તે સામાન્ય વ્યક્તિ વિશેષ જ અહીં આપણાં મા તરીકે સૌનાં હૃદયમાં બિરાજ્યાં છે, એને જ સૌ અહીં આરાધે છે ને એને જ ઇષ્ટ માનીને પોતાનું જીવન સૌ સાધકો ઘડી રહ્યાં છે. આ બધું સહજ ને મૌનની પરિભાષામાં થઇ રહ્યું છે, કહો કે બની રહ્યું છે.

તા.૬/૧૧/૧૦નું પ્રભાત છે. સવારે પથી૬ પૂ.શ્રીમા શ્વેતવસ્ત્રધારીણી મા, કરકમળમાં માળા ગૌમુખી સાથે વિચરણ કરતાં કરતાં જપમાં મસ્ત છે. ભક્તો પણ એક કલાક સુધી પોતાનો મંત્ર પૂ.શ્રીમાનાં દર્શન કરતા કરતા કરી રહ્યા છે. જાણે કોઇ પ્રાચીન આશ્રમમાં ઋષિની ઉપસ્થિતિમાં આવી ગયા હોય એવું લાગે છે. પ્રગટ પ્રભુનો આ જપ વિહાર જોવામાં સૌને આનંદ આવે છે. ભક્તોની વચ્ચે વિહરતાં છતાં અલિપ્ત રહીને જપમાં મસ્ત રહેતાં પૂ.શ્રીમાનાં દર્શન કરવાં એ એમની જ કૃપાનું પરિણામ છે, એ ફલ સૌને છૂટથી મળી રહ્યું છે.

**૬ થી ૬:૩૦ સત્કર્મ :** લાકડાનો ભારો માથે ઉપાડીને દૂરથી અહીં આવે તો ભારનો થાક તો લાગેને! વિશ્રામ તો જોઇએને!

રોજનો આ ક્રમ અહીંના ગરીબ વનવાસીઓનો છે.



સ્વર્ગારોહણતીર્થનાં દ્વાર પાસેથી પસાર થતાં આ માનવો અહીં દ્વારે આવે, ઠરે, આરામ કરે, એને પ્રસાદ મળે, વાસણ મળે, હાશ પામે ને વળી પાછા આજિવિકાની પુરુષાર્થ ભરી યાત્રામાં માથે લાકડાનો ભારો લઇને વેપારી પાસે જાય ને રોજગારી મેળવે. આટલા વિશ્રામના સમયમાં પૂ.શ્રીમાના હૃદયનો ઝરણાની જેમ વહેતો પ્રેમ પામે. એ પ્રેમ અને મળતી વસ્તુઓનું સુપાત્રોને અર્પણ એટલે સત્કર્મ. આજનું સત્કર્મ મુંબઇથી પધારેલા શ્રી અરુણભાઇ શાહ, શ્રી દીપેશભાઇ શાહ તરફથી છે. પૂ.શ્રી મા–પ્રભુની બાવની સુંદર કંઠે ગવાય છે, સત્કર્મ કરનારાના હસ્તે વસ્તુઓ અપાય છે, ભંડારમાંથી વસ્તુઓ આવતી હોય, સાધકો એ માટે ઉત્સાહપૂર્વક કામ કરતા હોય. એ દૃશ્ય મહાનયજ્ઞની સ્મૃતિ કરાવે છે. સત્કર્મ ને સાધના અહીં સ્થિર, શાંત ને અવિરત ગતિએ ચાલ્યા જ કરે છે. ભારતીય દર્શનશાસ્ત્રનું આ ક્રિયાત્મક ને વ્યાવહારિક પાસું અહીં શાસ્ત્રમાંથી જીવંત બનીને સાકારરૂપે ધારણ કરે છે.

હોલમાં પ્રભાતની બેઠક પ્રારંભ પામે છે. ૯થી૧૦ સમૂહમાં સંકીર્તન ગવાતી ધૂન વાતાવરણને જીવંત ને પ્રભુના રસથી ભરી દે છે. શ્રી રામકૃષ્ણદેવે કહ્યું છે કે પ્રભુ તો નિરાકાર છે, કિન્તુ ભક્તની ભક્તિથી સાકારરૂપ ધારણ કરે છે. પાણીને આકાર નથી, પણ ઠંડી વધે તો જે પાત્રામાં પાણી હોય તે આકારનો બરફ થાય. ભક્તો પણ ભક્તિરૂપી ઠંડકથી પોતાના પ્રભુને પ્રગટવવા મથી રહ્યા છે.

મા–પ્રભુની કૃપા થઇ છે તો સ્વર્ગારોહણતીર્થનું સર્જન થયું છે. તીર્થમાં પર્વના દિવસો શ્રીમાની સંનિધિમાં વહી રહ્યા છે ને

સૌ તેમાં સ્નાન કરી ધન્ય બની રહ્યા છે. ભલેને ત્રિતાપથી ભક્તો તપેલા હોય, પણ શીતળછાયાની એને હવે ખબર પડી ગઈ છે એટલે તો શ્રીમાના અંકે આવી ગયા છે ને માતૃસુખની મોજ માણી રહ્યા છે. વિશ્વમાતાના શ્રીઅંકે ઠરી રહ્યા છે, ખેલી રહ્યા છે અને મનોવાંછિત ફળ પામી રહ્યા છે. ફળની ગુણવત્તા પણ પસંદ કરતાં આવડી ગયું છે. જપ માંગો, તપ માંગો, દિવ્ય દર્શન માંગો, શાંતિ માંગો, શરણાગતિ માંગો, પ્રેમ માંગો, ક્ષમા માંગો, સુવાસ માંગો, ભક્તિ માંગો. એ આ પાઠશાળાનો અભ્યાસક્રમ છે. પરીક્ષા છે. અરે! પરિણામ પણ એ જ છે.

દક્ષિણ આફ્રિકામાં ૧૯૮૩માં જાન્યુઆરીની ૧૧મી તારીખે ભક્તિ ઉપર પૂ.શ્રીએ આપેલ પ્રવચનની ડી.વી.ડી.નું દર્શન અને અમૃતવાણીનું શ્રવણ સૌ કરે છે. આ રહ્યો એનો સાર. જીવનની વાસ્તવિકતાનું દર્શન કરાવનારી ધૂન પૂ.શ્રી બોલાવે છે.

***રાધેશ્યામ રાધેશ્યામ બોલો બોલો રાધેશ્યામ,***
***બે દિવસની જિંદગીમાં માથાકૂટ શું કામ,***
***લઈ લો શ્રી પ્રભુનું નામ, બોલો બોલો રાધેશ્યામ.***
***તડકા છાયા જેવી છે આ જન્મ મરણ જંજાળ,***
***ફરીને નહીં મળે અવતાર, બોલો બોલો રાધેશ્યામ.***
***ખાલી હાથે આવ્યા જગમાં ખાલી હાથે પાછા જવાના,***
***કરીલો કાયાનું કલ્યાણ બોલો બોલો રાધેશ્યામ.***

★ તરણા ઓથે ડુંગર છે. એ તરણું હટે તો દર્શન થાય.અવિદ્યા હટે તો દર્શન થાય. શરીર જન્મે, મોટું થાય, વ્યાધિનો શિકાર બને, વાર્ધક્ય આવે. આ શરીર દેખાવ છે તેમાં પરમાત્મા છે, પણ સહેલાઈથી દેખાતા નથી. મન અને



ઈન્દ્રિયોની વચ્ચે ઘેરાયેલો આત્મા દેખાતો નથી.

★ તલમાં તેલ, લાકડામાં અગ્નિ, દૂધમાં માખણ છે, દેખાતું નથી. તેમ આત્મા શરીરમાં રહેલો છે. હૃદયમાં વસે છે. સહેલાઈથી દેખાતો નહી. ભક્તિ કરવામાં આવે ત્યારે એનો સાક્ષાત્કાર થાય છે. ઘણો પ્રયત્ન કરવો પડે છે. એ માટે સદ્‌ગુરુ મળે તો રસ્તો બતાવે. ત્યાં મન પહોંચતું નથી. પરમાત્મા અવિનાશી, અખંડ છે. ચરાચરમાં એનો વાસ છે. સદ્‌ગુરુ કૃપા કરે તો ત્યાં પહોંચી શકાય.

★ મંદિરોમાં ગયા, સંતો પાસે ગયા, ધર્મગ્રંથો વાંચતા હતા, પરંતુ ખબર પછી પડી કે આત્મા જેવી વસ્તુ તો પાસે જ હતી. પોતે પોતાની પાસ. જ્યાં જુઓ ત્યાં તું હીં તુંહીં તું. મન નિર્મળ બની જાય ત્યારે પોતાની અંદર રહેલ પરમાત્માનું દર્શન થાય.

★ સાધન, જપ, ધ્યાન, ભક્તિનો આધાર લેવામાં આવે. પછી શાંતિનો અનુભવ થાય. દરેક જન્મમાં સાધક પ્રયાસ કરે. પછી કોઈ એક જન્મમાં લગન લાગે ત્યારે પરમાત્માનું દર્શન થાય. મીરાં, રામકૃષ્ણદેવની જેમ.

★ એકાદશીવ્રત આત્માના અનુભવનું સાધન છે. શરીરનાં અગિયાર દ્વાર (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મન)ને બંધ કરવા. ઈન્દ્રિયોને તાલીમ આપવી. કામાદિમાંથી મુક્ત, પવિત્ર જીવન જીવવું, તપ કરવું, દાન દેવું.

★ ભોજન ઓછામાં ઓછું લેવું, આત્માનું દર્શન કરવું. મનસંયમ આવે. ધ્યાન, જપ કરવાથી પરમાત્માની કૃપા અનુભવી શકાય.

★ આવાં આવાં વ્રતો ભારતમાં છે. પરમાત્માને પામવા

ભક્તિનું સાધન સર્વસુલભ છે. વૃદ્ધ, સાક્ષર, નિરક્ષર, રોગી, નિરોગી ભક્તિ કરી શકે. એક સરખા સ્વરૂપમાં પદાર્થ રહી શકતો નથી. જન્મે છે તે મરે છે. સંપૂર્ણ સુખી તે થાય છે જે પરમાત્માના ચરણોમાં પ્રીતિ કરે.

તૃષ્ણાનો અંત નથી. વાસના રહિત અવસ્થા મેળવો. મનને જીત. ઈન્દ્રિયોને જીત. તારી જાતનો શહેનશાહ બન. તૃષ્ણા–વાસનામાંથી મુક્તિ નહીં મેળવે ત્યાં સુધી શાંતિ નહીં મળે. જેની અંદર કામના કે તૃષ્ણા હોય છે તે સુખી થઈ શકતો નથી.

પૂ.શ્રીની અમૃતવાણીનું શ્રવણ કરીને સૌ ધન્યતાનો અનુભવ કરે છે. બપોર પછીની બેઠકમાં પૂ.શ્રીમા પધારે છે. કરકમળમાં ડાયરી છે. પૂ.શ્રીમા એને શ્રીહરિની શબ્દયાત્રા કહે છે. પૂ.શ્રીમા સ્લેટપર લખે છે. ''અમારી ડાયરીનું નામ શ્રી હરિની શબ્દયાત્રા આપ્યું છે. એ શબ્દયાત્રામાં અમને પણ કેટલાંક પૃષ્ઠો ખૂબ ગમે છે. કોઈવાર કોઈપણ પૃષ્ઠ ખોલીએ તો ખોવાઈ જવાય છે. એટલે એ શ્રી હરિની શબ્દયાત્રા છે. કેટલાંક વારંવાર વાગોળવા ગમે તેવા હોય છે.''

અમેરિકામાં વસતાં શ્રીમતી પધાબહેનનો પ્રેમ રાખડીથી પૂ.શ્રીમા પર કેવો વરસ્યો ને પૂ.શ્રીમાએ એ પ્રેમને કેવો ઝીલ્યો, માણ્યો ને મૂલવ્યો ને એ ભક્ત દંપતિ શ્રીમતી પદ્માબહેન–શ્રી વાસુદેવભાઈને હૃદયમાં કેવું સ્થાન આપ્યું તે તો એ પ્રસંગ વારંવાર વાંચીએ, સાંભળીએ, આત્મસાત કરીએ ત્યારે જ ખબર પડે. બસ! અહીં તો એટલું કહી શકાય કે શ્રી કૃષ્ણ ને દ્રૌપદી આજે પણ જીવંત છે, પ્રત્યક્ષ છે. બડભાગીને મળે તો માણી શકાય છે. ભક્તોની વચ્ચે બિરાજતાં પૂ.શ્રીમા પણ એ



પ્રસંગને અનુરૂપ ઉપસ્થિત થયેલ અન્ય પ્રસંગોએ સ્લેટમાં લખે છે ને સૌ ભક્તોને ભક્તિ માટે પ્રેરણા આપે છે.

''આવતી દિવાળી સુધીમાં પ્રભુ સૌને પદ્માબહેન જેવી સોનેરી ભક્તિ આપે. પદ્માબહેન ૧૯૬૫થી માના પરિચયમાં છે. હોસ્ટેલમાં ચાર વર્ષ સાથે રહ્યાં. રૂમ પાર્ટનર તરીકે ન હતાં, પણ હોસ્ટેલમાં એક જ બહેનપણી–તે હતાં. મિત્રતાને પૂજ્યભાવમાં પ્રભુ જ પલટાવી શકે.''

પૂ.શ્રીમાનો પ્રેમ પણ કેવો અદ્‌ભુત છે! એ રાખડીનો પ્રેમ કાયમ સ્મૃતિમાં રહે, પ્રત્યક્ષ બને તે માટે ચશ્માના ધરામાં રાખડીનું ફૂલ બનાવીને રાખે છે. રોજ પદ્માબહેનને મા યાદ કરે છે. ભગવાન પણ ભક્તને યાદ કરે છે. એ વાચ્યું છે શાસ્ત્રમાં ભલે, પણ અનુભવ્યું અહીં, જોયું અહીં સાંભળ્યું અહીં. આ અહીં એટલે સ્વર્ગારોહણતીર્થ.

રાત્રિની બેઠક એટલે સ્વને પ્રગટવાની બેઠક પૂ.શ્રીમાને મળવાની બેઠક, ખીલવાની બેઠક, ખીલવવાની બેઠક, પોતાને ભૂલવાની બેઠક, સ્વને ઓળખવાની બેઠક, પોતાનામાં ખોવાઈ જવાની બેઠક, કંઈક વિશેષ પામવાની બેઠક, પરમાત્માના થઈ જવાની બેઠક. કહો કે માના થઈ જવાની બેઠક.

નાનાં નાનાં બાળકો રાસ કરે, નાટક કરે, શ્લોક ગાય બાવની ગાય, નૃત્ય કરે, અરે! કંઈ નહીં તો પ્રણામ કરે. પૂ.શ્રીમા હરખાય, પ્રેમ ને પ્રસાદની વર્ષા કરે. માતાઓ, યુવાનો પિતાઓ એ દૃશ્ય જોઈને હરખાય કે મા કેવાંવરસે છે! જાણે શ્રીકૃષ્ણ ગોપબાળો પર પ્રેમથી વરસે તેમ.

કોલેજ, શાળામાં ભણીને વેકેશનમાં આવતી યુવાન દીકરીઓ માટે તો અહીં વૃંદાવન. નવો રાસ, નવાં સ્ટેપ, નવાં ગીત, નવા શબ્દો, નવા ડ્રેસ ને નવો ભાવ. આ બધું હૃદયમાં પ્રગટાવીને પૂ.શ્રીમા સમક્ષ ભક્તોની વચ્ચે રાસ, ગરબા રૂપે રજૂ કરે ત્યારે થાક, સ્વ અસ્તિત્વને, સંસારને ભૂલીને મામય બને છે, ત્યારે જોનારા, રાસરમનારા ને આપણાં વહાલાં મા સૌ એક જ અનુભવ કરે છે કે સૌ મામય બન્યા, પ્રેમમય બન્યા, પરમાત્માના પ્યારા બન્યા. સુંદર રાસ ગાર્ગી, સુકૃતિ, શ્રદ્ધા, કૃપા, નિત્યા વૈષ્ણવી, દેવાંશી, પૂજા, આદ્યા(વડોદરા)પૂજા ક્લોલા, કૃપા કલોલા રજૂ કરે છે. સૌ આનંદમાં ડૂબે છે. પૂ.શ્રીમા વન્સ મોર કરાવે છે. પછી સ્લેટ પર પ્રેરક આશીર્વાદ ને જીવન કંડારવાની કેડી બનાવે છે.

"સ્વર્ગમાં દેવ કન્યાઓ આવું જ નર્તન કરતી હશે. ખરે જ વંદન કરવા જેવું આજનું નર્તન હતું. તા.૨૩ થી ૩૦ ડીસેમ્બરના સાત દિવસ અમારે ત્યાં, અરે! આપણે ત્યાં સત્કર્મનો પ્રોગ્રામ છે. તેમાં આવજો. તો તમારી બધી જ ઈચ્છા મા અંબા પૂરી કરશે."

આ આશીર્વાદથી તો સૌ દેવકન્યાઓ હરખાય છે ને ડીસેમ્બરના આવનારા કાર્યક્રમ માટે આવવા ખાસ નક્કી કરી લે છે.

"અમે મુંબઈ હતા. હેમીનાબહેન કહે મા! આ વખતે તો મારે બાળકોને લઈને સ્વર્ગારોહણ આવવું છે. અમે કહ્યું ઘણાં બાળકો આવે છે. નાનપણથી એક સાત્ત્વિક વાતાવરણની મોજ માણવા મળે છે. ને બાળક અધ્યાત્મનો એકડાં અહીં ઘૂટતો થાય



છે. અહીં મોટી બહેનો (તૃપ્તિ, ગાયત્રી, જયુ, મયૂરી, પ્રિયંકા)આપણાં બાળકોને પ્રભુને ગમે તેવો આકાર આપવા માટે ગુરુજી જ છે."

"સરસ સાત્ત્વિક આનંદ સાથે આ વરસને સલામી ભરીએ. હવે અર્ધો કલાક સાધના કરી લઈએ ને દેવ કન્યાઓ ગરબાની સાધનામાં ખોવાઈ જાય."

આ વર્ષની આ છેલ્લી બેઠક. છેલ્લો બોધ, છેલ્લી પ્રેરણા ને આવતી કાલે આવનારા નવા વર્ષની તૈયારી માટે સૌ મસ્ત બની ગયા. પૂ.શ્રીમા વિચરણ કરતાં કરતાં જપ કરે છે. ભક્તો પણ પૂ.શ્રીમાને નિહાળતાં નિહાળતાં જપ કરે છે. દેવકન્યાઓ હોલમાં ગરબે ધૂમે છે. જેને જે ગમે તે આપીને પૂ.શ્રીમા પૂ.શ્રીના સ્મરણમાં લાગી જાય છે. ભક્તો પૂ.શ્રીમામાં ઓગળવા મથી રહ્યાં છે. સ્વર્ગારોહણતીર્થમાં જે આવે તે પામે. અહીં તો શબ્દોની આછેરી ઝલક આપી છે. શેરડીનું વર્ણન છે. તેના રસનો સ્વાદ ચાખવા તો એ તીર્થભૂમિમાં પૂ.શ્રીમાની સંનિધિ જાતે આવી માણવી પડે.

(ક્રમશઃ)

જીવની બધી જ લૌકિક વાસનાઓ, તમામ વળગણો અગ્નિસંસ્કાર સાથે જ હે પ્રભુ! ભસ્મીભૂત કરી દે જો.

—મા

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'રોષે ભરાશે એવું અગાઉથી જ શા માટે માની લઈએ? અને ધારો કે રોષે ભરાશે તોપણ આપણે માટે ભયભીત થવાનું શું કારણ છે? આપણે કોઈનાથી પણ શા માટે ડરીએ?'

કૃષ્ણની સૂચનાનુસાર ઈન્દ્રનો એ પરંપરાગત યજ્ઞ બંધ રહ્યો.

એ યજ્ઞને બદલે સૌએ એકઠા મળીને ગિરિરાજ ગોવર્ધનની, ધરતીની, ગાયોની ને બીજાં પશુઓની તથા મનુષ્યોની પૂજાસેવા કરી.

પૂજા પૂરી કરીને સૌ વૃંદાવનમાં પાછા ફર્યા.

ઈન્દ્રને પોતાની પૂજા બંધ થવાથી ખરેખર ક્રોધ થયો. એણે વિચાર્યું :

'આ જંગલી, પછાત, અસભ્ય જેવા ગોપોનો આટલો બધો ઘમંડ? એમણે કૃષ્ણ જેવા એક સામાન્ય છોકરાના કહેવાથી મારો તિરસ્કાર કર્યો. કૃષ્ણ નાદાન, અહંકારી અને અવિવેકી હોવા છતાં પોતાને પરમજ્ઞાની સમજે છે. એનો આશ્રય લઈને એની ઉશ્કેરણીથી આહીરોએ મારું અપમાન કર્યું છે.'

એણે પોતાના આજ્ઞાંકિત મેઘગણોને વ્રજ પર ચઢાઈ કરીને મૂશળધાર વરસાદ વરસાવીને વ્રજભૂમિને ઘેરી લેવાની ને મુસીબતમાં મૂકી દેવાની આજ્ઞા કરી.

મેઘગણોએ એ આજ્ઞાનુસાર પોતાની સંપૂર્ણ શક્તિથી વરસવાનું શરૂ કર્યું.

વ્રજની સુંદર વિશાળ ભૂમિમાં જાણે કે પાણીનું પૂર ઊમટવા લાગ્યું.



ચારે તરફ વીજળીઓના કાડકા થવા લાગ્યા, વાદળની ભયંકર ગર્જનાઓ થવા લાગી, ને એની સાથે તોફાની વાયુ વાવા લાગ્યો.

વ્રજવાસી ખૂબ જ ભયભીત બનીને કૃષ્ણની પાસે પહોંચીને પોતાની જાનમાલની રક્ષાને માટે પ્રાર્થના કરવા માંડ્યાં.

એ પ્રાર્થનાથી કૃષ્ણનું દિલ દ્રવી ગયું. ઈન્દ્રની ઉત્તેજનાને અને દ્વેષવૃત્તિને સમજતાં એમને વાર ના લાગી.

સૌને ધીરજ ને હિંમત આપતાં એમણે કહ્યું :

'ઈન્દ્ર આપણી ઉપર રોષે ભરાય કે ના ભરાય, આપણે એનાથી ભયભીત બનીને એને શરણે નહીં જઈએ. એ ગમે તેટલો કેર વરતાવે તોપણે નાહિંમત નહીં બનીએ. આપણે સંયુક્ત રીતે મક્કમતાપૂર્વક સામનો કરીને છેવટે ઈન્દ્રને હંફાવીશું ને વિજય મેળવીશું.'

કૃષ્ણે ભીષણ વરસાદથી વિપત્તિમાં મુકાયલાં વ્રજનાં નરનારી, બાળકો તેમ જ પશુપાણીના રક્ષણનો નિર્ણય કરીને ગોવર્ધન પર્વતની ગોદમાં સૌને આશ્રય આપ્યો ને જણાવ્યું :

'આપણા પૂજ્ય તેમ જ સાચા દેવતા ઈન્દ્ર નથી પણ ગોવર્ધન છે. આ ગોવર્ધન જ આપણી રક્ષા કરશે અને આપણને શાંતિ આપશે. હું તમારા ખાનપાનની બધી જ વ્યવસ્થા આ પવિત્ર પર્વતપ્રદેશમાં કરી દઈશ જેથી તમને કોઈ પણ પ્રકારની તકલીફ નહીં પડે. હું પણ જોઈ લઉં છું કે ઈન્દ્રની શક્તિ કેટલી છે ને એ અહંકાર ઉન્મત બનીને ક્યાં સુધી આવો ઘોર વરસાદ વરસાવ્યા કરે છે!'

સાત દિવસ સુધી મૂસળધાર વરસાદ વરસ્યા પછી મેઘો થાક્યા હોય તેમ વરસતા બંધ થયા.

ઈન્દ્રનો અહંકાર ઓગળી ગયો.

પ્રજાની સંયુક્ત સંગઠિત સંકલ્પશક્તિનો અને એના પ્રમુખ પ્રેરકબળસમાન શક્તિના અસાધારણ અધીશ્વર કૃષ્ણનો વિજય થયો.

સાત દિવસ સુધી ગોવર્ધનનો આશ્રય લીધા પછી કૃષ્ણના આદેશનુસાર એમનો જયજયકારકરતાં સૌ પોતપોતાનાં મૂળ સ્થાનોમાં પ્રવેશ્યાં ત્યારે એમને અભૂતપૂર્વ આનંદ થયો.

કૃષ્ણને પોતાને એથી શાંતિ થઈ.

એમણે જણાવ્યું :

'આ વિજય મારો નથી પરંતુ તમારો છે. પ્રજાની સંગઠિત નિશ્ચયશક્તિ શું ના કરી શકે? એ શક્તિ મોટામાં મોટા ચમત્કારોનું સર્જન કરી શકે છે. વિરોધી કે વેરી ગમે તેટલો બળવાન હોય તોપણ જો એના સંયુક્ત રીતે સામનો કરવામાં આવે તો એને સહેલાઈથી હતપ્રભ બનાવી, હરાવી કે નમાવી શકાય છે. આ ઘટના એની સાક્ષી પૂરે છે. હવે તમે બધા નિર્ભયતાને ધારણ કરીને કાયમને માટે વ્રજમાં વાસ કરો, ને પવિત્ર ગોવર્ધનને તમારો સંરક્ષક સમજીન એની બનતી બધી સેવા કરીને એની આજુબાજુના સમસ્ત પ્રદેશને સમૃદ્ધ બનાવો.'

પ્રજાએ કૃષ્ણનો ભારે ઉમળકાપૂર્વક ધામધૂમથી સત્કાર કર્યો.

એમનું સવિશેષ સન્માન કર્યું.

ઈન્દ્રને છેવટે કૃષ્ણની વિરાટ અનંત અસાધારણ શક્તિનો ખ્યાલ આવ્યો.

એનું અંતર પશ્ચાતાપના પવિત્ર પાવકથી જલવા લાગ્યું.

કૃષ્ણના શ્રીચરણોમાં પ્રેમપૂર્વક પોતાના મસ્તકનો મુકુટ મૂકી, પ્રણામ કરીને, એણે માફી માગીને એમની પ્રશસ્તિ કરીને કહ્યું :



'જડ અથવા અજ્ઞાની જીવો સારાસારનું ભાન ભૂલીને અવારનવાર અહંકારગ્રસ્ત બની જાય છે ને કુકર્મો કરી બેસે છે એ આશ્ચર્યકારક છે. જ્ઞાની અને અજ્ઞાની બધા જ માયાથી મોહિત બને છે. તમારા લોકોત્તર અનંત સામર્થ્યનો ખ્યાલ મને અગાઉથી ના આવી શક્યો એ ખરેખર મારું કમભાગ કહેવાય. તમારી યોગ્યતાને ન જાણવાથી જ મેં તમારો વિરોધ કર્યો ને વ્રજવાસીઓને ભયંકર વિપત્તિમાં મૂકી દીધાં. મેં વ્રજમંડલને નષ્ટ કરી નાખવાની ઈચ્છા કરી, પરંતુ તમારા અપાર અનુગ્રહથી એ ઈચ્છાનો અમલ ના થઈ શક્યો તેનો મને ખેદ નથી, આનંદ જ છે. મારો ઘમંડ હવે દૂર થયો છે. મને પ્રકાશની પ્રાપ્તિ થઈ છે. તમને મારા સ્વામી, સદ્‌ગુરુ તથા સર્વેશ્વર સમજીને તમારે શરણે આવ્યો છું.'

કૃષ્ણે પોતાની પ્રસન્ન ધીરગંભીર વાણીથી જણાવ્યું :

'ઈન્દ્ર! તું ધન, ઐશ્વર્ય, સત્તા, સંપત્તિ, પદ તેમ જ પ્રતિષ્ઠાને લીધે અત્યંત મદોન્મત્ત બની ગયેલો. વ્રજની પ્રજા વરસોથી નિર્દોષ રીતે તારું પૂજન કરતી તોપણ એ ઉપકારને ભૂલીને તેં કૃતઘ્નીની પેઠે એને પીડિત કરવાનો પ્રયાસ કર્યો એના પરિણામે જ મારે વ્રજની રક્ષા માટે આગળ આવવું પડ્યું. મારાથી બીજું બધું જોઈ શકાય છે પરંતુ નિર્દોષની ઉપર થતા અત્યાચારો નથી જોઈ શકાતા. એ અત્યાચારોનો સામનો કરવા હું હંમેશા તૈયાર હોઉ છું. તારો મદ દૂર થયો છે એટલું જ નહીં પણ તારું દિલ ડંખવા લાગ્યું છે ને પવિત્ર બન્યું છે એ જોઈને મને આનંદ થાય છે.'

(ક્રમશઃ)